


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 027
Dt.: 01-12-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### રાજનાથસિંહની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક

## આજથી શરૂ થતા શિયાળુ સત્રમાં ભારે હોબાળો થવાના આસાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદનું શિયાળુ સત્ર ૧ ડિસેમ્બરથી ૧૯ ડિસેમ્બર સુધી ચાલવાનું છે, જેમાં કુલ ૧૫ બેઠકો થશે. સત્ર શરૂ થાય તે પહેલાં આજે રવિવારે રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી.

સરકારની આ બેઠકનો હેતુ વિપક્ષનો વિશ્વાસ જીતીને સત્રની કામગીરી સુચારુ રાખવાનો હતો, પરંતુ મતદાર યાદીના સઘન સુધારણા કાર્યક્રમ (SIR)નો મુદ્દો બેઠકમાં મોટો રહ્યો હતો. બેઠકમાં સરકાર તરફથી રાજ્યસભાના ગૃહના નેતા જેપી નડ્ડા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને એલ. મુરુગન હાજર રહ્યા હતા.

વિપક્ષ તરફથી કોંગ્રેસના પ્રમોદ તિવારી, જયરામ રમેશ, ડેરેક ઓ'બ્રાયન (TMC), કલ્યાણ બેનર્જી (TMC), મનોજ ઝા (RJD), રામ ગોપાલ યાદવ (SP), સુશીલ ગુપ્તા (AAP), સસ્મિત પાત્રા (BJD), અનુપ્રિયા પટેલ (અપના દળ) અને સંજય ઝા (JDU) જેવા નેતાઓએ હાજરી આપી હતી.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષની ચિંતાઓ સાંભળવાની ખાતરી આપી હતી, છતાં SIRનો મુદ્દો સૌથી વધુ ગરમ રહ્યો હતો. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, TMC અને DMKએ આક્રમક રીતે પ્રશ્નો ઉઠાવ્યા કે, શિક્ષકો અને BLO પર કેમ આટલું દબાણ વધારવામાં આવી રહ્યું છે અને અનેક મોત થયા પછી પણ સરકાર શા માટે ચૂપ છે. કોંગ્રેસના પ્રમોદ તિવારીએ બેઠક પહેલાં જ મીડિયા સમક્ષ કહ્યું હતું કે, "આ હવે મત ચોરી નથી, સીધી લૂંટ છે." તેમણે સત્રમાં SIR ઉપરાંત આતંકવાદ (દિલ્હીમાં તાજેતરના વિસ્ફોટોનો ઉલ્લેખ કરીને) અને વિદેશ નીતિના મુદ્દા પણ ઉઠાવવાની જાહેરાત કરી હતી.

સર્વપક્ષીય બેઠક બાદ કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર લોકશાહીના સિદ્ધાંતોનો નાશ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. કોંગ્રેસના લોકસભા સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું, 'એવું લાગે છે કે સરકાર, ભાજપ અને વડાપ્રધાન ભારતના લોકશાહી અને સંસદીય પરંપરાઓનો નાશ કરવા માંગે છે. આ કદાચ સૌથી ટૂંકું શિયાળુ સત્ર છે; એવું લાગે છે કે સરકાર સંસદને પાટા પરથી ઉતારવા માંગે છે.'

### કોંગ્રેસના લોકસભા સાંસદે કહ્યું, એવું લાગે છે કે સરકાર, ભાજપ અને વડાપ્રધાન ભારતની લોકશાહી અને સંસદીય પરંપરાઓનો નાશ કરવા માંગે છે

સંસદમાં પાર્ટીની રણનીતિ અંગે તેમણે કહ્યું કે, 'કોંગ્રેસે રાષ્ટ્રીય સુરક્ષા, વાયુ પ્રદૂષણ, લોકશાહીનું રક્ષણ અને મતદાર યાદીઓની સુરક્ષા (SIR) પર ચર્ચાની માંગ કરી છે.'

બીજી તરફ, JDUના સંજય ઝાએ વિપક્ષની ચિંતાઓને ફગાવી દીધી હતી.

તેમણે બિહાર વિધાનસભા ચૂંટણી પરિણામોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, "પાછલા સત્રમાં પણ વિપક્ષે SIR પર હંગામો કર્યો હતો, પરંતુ તેમને શું મળ્યું? બિહારના જનાદેશથી તેમની વાતનો જવાબ મળી ગયો છે."

સરકારે સત્રમાં લગભગ ૧૦ નવા બિલ રજૂ કરવાની તૈયારી કરી છે, જેમાં પરમાણુ ઉર્જા સંબંધિત મહત્વનું બિલ પણ સામેલ છે. પરંતુ વિપક્ષે સ્પષ્ટ કરી દીધું છે કે, SIRના નામે થઈ રહેલા "અત્યાચાર" અને તેના કારણે થયેલા મોત પર ચર્ચા વિના તેઓ કોઈ કામકાજ આગળ વધારવા દેશે નહીં. આથી સંસદનું આ શિયાળુ સત્ર શરૂ થતાંની સાથે જ ગરમાઈ જવાનું નક્કી છે.

વિપક્ષનું આક્રમણ અને સરકારનો બચાવ, બંને વચ્ચેની આ ટક્કર દેશના રાજકારણના આગામી દિશાનું પણ સંકેત આપી રહી છે.

### નેશનલ હેરાલ્ડ કેસમાં દિલ્હી પોલીસે વધારી મુશ્કેલીઓ!

## સોનિયા ગાંધી અને રાહુલ વિરુદ્ધ નવી ફરિયાદ નોંધાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નેશનલ હેરાલ્ડ કેસનો જીન ગાંધી પરિવારનો પીછો છોડવાનું નામ નથી લઈ રહ્યો. આ જ ક્રમમાં, દિલ્હી પોલીસે ફરી એકવાર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ નવી FIR નોંધી છે. દિલ્હી પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) એ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને રાજ્યસભાના સાંસદ સોનિયા ગાંધી સહિત અનેક લોકો પર ફોજદારી કાવતરાના આરોપમાં નવી FIR નોંધી છે.આ FIR ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) મુખ્યાલય દ્વારા ફરિયાદ નોંધાવ્યા પછી રજિસ્ટર કરવામાં આવી છે. FIRમાં રાહુલ અને સોનિયા સિવાય અન્ય છ વ્યક્તિઓ અને ત્રણ કંપનીઓના નામનો પણ સમાવેશ થાય છે. હકીકતમાં, FIR મુજબ આરોપ છે કે કોંગ્રેસ સાથે જોડાયેલી કંપની એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) પર છેતરપિંડીથી કબજો કરવા અને તેની સંપત્તિનું નિયંત્રણ લેવા માટે ફોજદારી કાવતરું ઘડવામાં આવ્યું. આ FIR ૩ ઓક્ટોબરના રોજ નોંધાઈ હતી. આ પહેલા, ED એ પોતાનો તપાસ રિપોર્ટ દિલ્હી પોલીસ સાથે શેર કર્યો હતો અને PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) ની કલમ ૬૬(૨) હેઠળ સૂચિબદ્ધ ગુનો નોંધવાની ભલામણ કરી હતી.

આ કેસમાં ખાસ કરીને આરોપ છે કે Young Indian નામની કંપનીનો ઉપયોગ છત્તન્ ની આશરે ૨,૦૦૦ કરોડની સંપત્તિ હસ્તગત કરવા માટે કરવામાં આવ્યો હતો. FIR માં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સેમ પિત્રોડા અને અન્ય લોકોના નામ નોંધાયેલા છે. જ્યારે DOex કોલકાતાની એક કથિત શેલ કંપની હોવાનું કહેવાય છે, જેણે Young Indian ને ૧ કરોડ આપ્યા હતા. આ જ લેવડ-દેવડની મદદથી Young Indian એ કોંગ્રેસને ૫૦ લાખ આપીને AJL પર નિયંત્રણ મેળવી લીધું હતું. બીજી તરફ, આ મામલે ન્યાયિક પ્રક્રિયા પણ ચાલુ છે. અહેવાલો મુજબ, રાઉઝ એવન્યુ કોર્ટે નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં ED ની ચાર્જશીટ પર સંજ્ઞાન લેવાનો નિર્ણય હાલ પૂરતો ટાળી દીધો છે. હવે વિશેષ ન્યાયાધીશ ૧૬ ડિસેમ્બરે આદેશ સંભળાવશે.

ED ની ચાર્જશીટમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા, સુમન દુબે સહિત વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓને આરોપી બનાવવામાં આવ્યા છે. ધ્યાન રહે કે, છેલ્લી સુનાવણીમાં ED એ તમામ આરોપીઓને જવાબ દાખલ કરવા કહ્યું હતું, પરંતુ આરોપી પક્ષના વકીલોએ મોટા રેકોર્ડની સમીક્ષા માટે વધુ સમય માંગ્યો હતો. કોર્ટે પહેલાથી જ તમામ આરોપીઓને નોટિસ પાઠવીને કહ્યું હતું કે સંજ્ઞાન લેતા પહેલા તેમને પોતાની વાત રજૂ કરવાનો સંપૂર્ણ અધિકાર છે.

### મહાયુતિમાં ટેન્શન વચ્ચે એકનાથ શિંદેની ચેતવણી

## હું ચૂપ છું તો ચૂપ રહેવા દો, મને છંછેડશો નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવતા જ સત્તાધારી મહાયુતિ ગઠબંધનમાં ખટરાગ ચરમસીમાએ પહોંચી ગયો છે. શિવસેના અને ભાજપ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં હવે ખુદ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ઝંપલાવ્યું છે. શનિવારે તેમણે અધિકારીઓને કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, જો તેમના કાર્યકરોને પરેશાન કરવામાં આવ્યા કે તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો તો તેમને "એકનાથ શિંદેના ગુસ્સાનો સામનો કરવો પડશે."

પોતાના સાથી પક્ષ ભાજપને પરોક્ષ રીતે ઈશારો કરતા શિંદેએ વધુમાં કહ્યું, "મને ખબર છે કે કોણ શું કરી રહ્યું છે. હું અત્યારે ચૂપ છું અને મને ચૂપ જ રહેવા દો. મને બધાના રહસ્યો ખબર છે. હું કોઈને પરેશાન નથી કરતો, પણ જો કોઈ મને હેરાન કરે છે, તો હું તેને છોડતો પણ નથી." મુખ્યમંત્રીના આ નિવેદનથી સ્પષ્ટ છે કે મહાયુતિ ગઠબંધનમાં બધું બરાબર નથી અને આગામી દિવસોમાં આ વિવાદ વધુ વકરી શકે છે.

નાયબ મુખ્યમંત્રીની આ આકરી ટિપ્પણી શિવસેનાના ધારાસભ્ય નિલેશ રાણે વિરુદ્ધ સિંધુદુર્ગ પોલીસ દ્વારા એફઆઈઆર (FIR) નોંધાયા બાદ આવી છે. નિલેશ રાણે પર ભાજપના એક સમર્થકના ઘરમાં "ગેરકાયદે રીતે પ્રવેશ" કરવાનો આરોપ છે. ઉલ્લેખનીય છે કે, નિલેશ રાણેએ ભાજપના સમર્થકના ઘરે "છાપો" મારીને દાવો કર્યો હતો કે ત્યાં મતદારોને વહેંચવા માટે રોકડ ભરેલી બેગ રાખવામાં આવી હતી. આ ઘટનાને પગલે બંને સાથી પક્ષો વચ્ચે તણાવ વધી ગયો છે.

શનિવારે સતારાના ફલટણ જિલ્લામાં એક રેલીને સંબોધિત કરતા મુખ્યમંત્રી શિંદેએ સ્પષ્ટપણે કહ્યું, "હું અધિકારીઓને કહેવા માંગુ છું કે કોઈ પણ ગેરકાયદેસર કામ ન કરો. ખોટી ફરિયાદો પર ધ્યાન ન આપો અને જો કોઈ તમારા પર દબાણ કરી રહ્યું હોય તો તેની સામે ઝૂકશો નહીં. જો તમે અમારી પાર્ટીના કાર્યકરો સાથે અન્યાય કરશો, તો તમારે એકનાથ શિંદેના ગુસ્સાનો સામનો કરવો પડશે."

### તૂટી ગયો સચિનનો મહારેકોર્ડ

## વિરાટ કોહલીએ ૫૨મી સદી ફટકારી રચ્યો અનોખો ઈતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાંચી

ભારતના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી તેની કારકિર્દીના એવા તબક્કામાં છે જ્યાં તે મેદાન પર ઉતરે છે ત્યારે દરેક રેકોર્ડ બને છે અને તૂટે છે. દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ વનડેમાં પણ આવું જ દૃશ્ય જોવા મળ્યું. રવિવારે રાંચીમાં સદી ફટકારીને કોહલીએ આશ્ચર્યજનક ઈતિહાસ રચ્યો. આ તેની ૫૨મી વનડે સદી હતી. તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક જ ફોર્મેટમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી બન્યો છે.

તેણે દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડી નાખ્યો છે. સચિને તેની કારકિર્દી દરમિયાન ટેસ્ટ ફોર્મેટમાં ૫૧ સદી ફટકારી હતી. કોહલીએ ટેસ્ટ અને ્૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાંથી નિવૃત્તિ લીધી છે.

કોહલીએ ૨૦૨૩માં સચિન તેંડુલકરને પાછળ છોડીને ODI ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી બન્યો. સચિને ODIમાં ૪૯ સદી ફટકારી. ૩૭



વર્ષીય કોહલીએ સચિનનો વધુ એક રેકોર્ડ તોડ્યો છે. તે દક્ષિણ આફ્રિકા સામે ODIમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી બન્યો છે. તેણે અત્યાર સુધીમાં છ સદી ફટકારી છે. સચિન તેંડુલકર અને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર ડેવિડ વોર્નરે દક્ષિણ આફ્રિકા સામે પાંચ સદી ફટકારી છે.

કોહલીએ નવ મહિના પછી વનડેમાં સદી ફટકારી હતી. ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર તે અપેક્ષાઓ પર ખરો ઉતર્યો ન હતો. ઓસ્ટ્રેલિયામાં બે વાર શૂન્ય આઉટ થયા બાદ તેણે અણનમ ૭૪ રન બનાવ્યા હતા. રાંચી વનડેમાં ટોસ હાર્યા બાદ બેટિંગ કરી રહેલી ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી. ઓપનર યશસ્વી જયસ્વાલ (૧૮) ચોથી ઓવરમાં નાંદ્રે બર્ગરના હાથે કેચ આઉટ થયો હતો. ત્યારબાદ, કોહલી અને રોહિત શર્મા (૫૭) એ બીજી વિકેટ માટે ૧૩૬ રનની ભાગીદારી નોંધાવી. .

રોહિત ૨૨મી ઓવરમાં પાછો ફર્યો. રુતુરાજ ગાયકવાડ (૮) અને વોશિંગ્ટન સુંદર (૧૩) પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા. કોહલીએ ૧૦૨ બોલમાં પોતાની સદી પૂરી કરી. તેણે પ્રીનાલન સુબ્રાયન દ્વારા ફેંકાયેલી ૩૯મી ઓવરના ત્રીજા બોલે સદી પૂરી કરી. આ પુરુષોના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૭૦૦૦મી સદી હતી. કોહલી ૧૨૦ બોલમાં ૧૩૫ રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો, જેમાં ૧૧ ચોગ્ગા અને ૭ છગ્ગાનો સમાવેશ થાય છે. ૪૩મી ઓવરમાં બર્ગરની બોલ પર રિકેલ્ટનના હાથે કેચ આઉટ થયો. કોહલીએ સ્ટેન્ડ-ઈન કેપ્ટન કેએલ રાહુલ સાથે પાંચમી વિકેટ માટે ૭૬ રનની ભાગીદારી કરી.

### ડોનાલ્ડ ટ્રમ્પે એક ટ્વિટ કરીને વિશ્વભરને ચોંકાવ્યા

## અમેરિકામાં વિદેશીઓની એન્ટ્રી પર પ્રતિબંધ મૂકવાની તૈયારી

### અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ નક્કામાં અને ગેરકાદેસર રહેતા પ્રવાસીઓને અમેરિકામાં હાંકી કાઢવા માંગે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ટ્વિટ કરીને વિશ્વભરને ચોંકાવી દીધા છે. વાસ્તવમાં ટ્રમ્પ અમેરિકામાં વિદેશી પ્રવાસીઓનો પ્રવેશ બંધ કરવા ઈચ્છે છે. તેઓ નક્કામાં અને ગેરકાદેસર રહેતા પ્રવાસીઓને અમેરિકામાં હાંકી કાઢવા માંગે છે. તેમનું માનવું છે કે, જો દેશમાં આવા લોકો રહેશે તો માહોલ ખરાબ થશે. એટલું જ નહીં આવા લોકોના કારણે અમેરિકન લોકોને નુકસાન થઈ રહ્યું હોવાનું પણ ટ્રમ્પ માની રહ્યા છે, તેથી જ તેમણે 'રાષ્ટ્રપ્રમુખને મળેલી સત્તાની કલમ'ને લાગુ કરવાની ઈચ્છા વ્યક્ત કરીને વિશ્વભરને ચેતવણી આપી દીધી છે. ટ્રમ્પે રાષ્ટ્રપ્રમુખની સત્તાનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે, 'ઈમિગ્રેશન અને નેશનાલિટી એક્ટ, કલમ ૨૧૨(F) : જ્યારે પણ રાષ્ટ્રપતિને એમ લાગે કે, કોઈપણ વિદેશીઓને અથવા વિદેશીઓના વર્ગને અમેરિકામાં પ્રવેશ અટકાવવો છે અથવા તેઓ અમેરિકાના હિતો માટે નુકસાનકારક છે, ત્યારે રાષ્ટ્રપ્રમુખ જાહેરાત કરીને તમામ વિદેશીઓ અથવા વિદેશીઓના કોઈપણ વર્ગના ઈમિગ્રન્ટ્સ અથવા નોન-ઈમિગ્રન્ટ્સ તરીકેના પ્રવેશને સ્થગિત કરી શકે છે અથવા વિદેશીઓના પ્રવેશ પર તેવા કોઈપણ નિયંત્રણો લાદી શકે છે, જેને તેઓ યોગ્ય માને છે.'

ઈમિગ્રેશન અને નેશનાલિટી એક્ટ, કલમ ૨૧૨(F)ની વાત કરીએ તો, આ કલમ હેઠળ રાષ્ટ્રપ્રમુખને મર્યાદિત અધિકાર છે કે, તેઓ વિદેશી પ્રવાસીઓને અમેરિકામાં આવતા અટકાવી શકે. જ્યાં સુધી રાષ્ટ્રપ્રમુખને પોતાની મુજબ વિદેશી પ્રવાસીઓને અટકાવવો જરૂરી છે, ત્યાં સુધી અટકાવી શકે છે. ટ્રમ્પે એવું પણ લખ્યું છે કે, 'અમેરિકાના ઈતિહાસનાં કોઈપણ વર્ષની તુલનાએ વર્તમાન સમયમાં અમેરિકામાં વિદેશીઓ સૌથી



વધુ છે. હાલમાં લગભગ છ અમેરિકન નાગરિકોની તુલનાએ એક વિદેશી પ્રવાસી છે, તેથી તેને અટકાવવામાટે કડક પગલા ભરવામાં આવશે.' ઉલ્લેખનીય છે કે, ૨૬ નવેમ્બરના રોજ વોશિંગ્ટનમાં આતંકવાદી હુમલો થયો હતો. ત્યારબાદ ટ્રમ્પે વિદેશી પ્રવાસીઓને લઈને મોટી જાહેરાત કરી ૨૮ નવેમ્બરે કહ્યું હતું કે, તેઓ ત્રીજી દુનિયા અથવા ગરીબ દેશોના પ્રવાસ પર કાયમી પ્રતિબંધ મુકશે. આ સાથે તેમણે ૧૯ દેશોના ગ્રીન કાર્ડ તપાસ આદેશ આપ્યા છે. અફઘાનિસ્તાનના એક યુવકે અમેરિકન નેશનલ ગાર્ડ્સને ટાર્ગેટ કરીને ફાયરિંગ કર્યું હતું, જેમાં એક મહિલા સુરક્ષા કર્મચારીનું મોત થયું હતું.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આતંકવાદી હુમલા પછી અફઘાનિસ્તાન, વેનેઝુએલા, હૈતી, સોમાલિયા, આફ્રિકન અને એશિયન દેશોના લોકોની અમેરિકામાં એન્ટ્રી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. અમેરિકામાં શરણ લેવા માટે કરવામાં આવેલી લગભગ ૨૨૩ અરજીઓની મંજૂરી પણ અટકાવી દીધી છે. અફઘાન પાસપોર્ટ ધારકોને નવા વિઝા આપવાનો ઈન્કાર કરી દેવાયો છે. તેમણે તે ૧૯ દેશોના ૩૩ લાખ ગ્રીન કાર્ડ ધારકોની તપાસ કરવા અને શંકાસ્પદોને ડિપોર્ટ કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત, બાઈડેનના કાર્યકાળ દરમિયાન અમેરિકા આવેલા અફઘાનિસ્તાનના ૨.૩૩ લાખ શરણાર્થીઓની ફરીથી તપાસ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

## કેલિફોર્નિયામાં બર્થડે પાર્ટીમાં હુમલો, ૪ના મોત, ૧૦ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)કેલિફોર્નિયા

અમેરિકામાં ફરી ગોળીબારની ઘટના થઈ છે. કેલિફોર્નિયાના સ્ટોકટન વિસ્તારમાં થયેલા ગોળીબારમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યો છે જ્યારે ૧૦ ઈજાગ્રસ્ત છે. એક બર્થડે પાર્ટી દરમિયાન અંધાધૂંધ ગોળીબાર થયો. મૃતકોમાં બે બાળકોનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સેન જાઓકિન કાઉન્ટી શેરીફે પણ સત્તાવાર જાણકારી આપતા જણાવ્યું છે કે ગોળીબારમાં બે બાળકો સહિત કુલ ચાર લોકોના મોત થયા છે. પ્રાથમિક તપાસના આધારે પોલીસને આશંકા છે કે આ લોકોને નિશાનો બનાવીને હત્યા કરાઈ છે. સ્ટોકટનના ડેપ્યુટી મેયર જેસન લીએ સમગ્ર મામલે શોક વ્યક્ત કર્યો છે તથા જણાવ્યું છે કે તેઓ સતત ઉચ્ચ અધિકારીઓ સાથે સંપર્કમાં છે. પોલીસ ઘટનાસ્થળના રસ્તા પર લોકોની અવરજવર બંધ કરી છે.




# તંત્રી લેખ......

## ડિસેમ્બર મહિનામાં ભારતીય રિઝર્વ બેન્ક દેશના મધ્ય વર્ગને મોટી રાહત આપી શકે

ડિસેમ્બર મહિનામાં ભારતીય રિઝર્વ બેન્ક દેશના મધ્ય વર્ગને મોટી રાહત આપી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે RBI ફરીથી રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ એટલે કે ૦.૨૫ ટકાનો ઘટાડો કરી શકે છે. જો આવો નિર્ણય લેવાય તો લોનના હપ્તામાં ઘટાડો થશે.

ત્રીજી ડિસેમ્બરથી RBIની મોનિટરી પોલિસી કમિટીની બેઠક શરૂ થશે. જેમાં રેપો રેટ અંગે પણ ચર્ચા કરાશે. જે બાદ RBI ગવર્નર સંજય મલ્હોત્રા ૫મી ડિસેમ્બરે સવારે ૧૦ વાગ્યે રેટ સેટિંગ પેનલના નિર્ણયોની જાહેરાત કરશે.

નોંધનીય છે કે ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનાથી RBIએ રેપો રેટમાં ઘટાડો કરવાની શરૂઆત કરી હતી.

આ વર્ષે ઓગસ્ટ મહિના સુધીમાં રેપો રેટમાં ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરાયો છે. હાલ રેપો રેટ ૫.૫ ટકા છે, એવામાં નિષ્ણાતોનું માનવું છે કે આમાં હજુ ઘટાડો થશે અને રેપો રેટ ૫.૨૫ ટકા રહી જશે.

HDFC બેન્કના રિપોર્ટમાં કહેવાયું છે કે મોંઘવારીને જોતાં RBI રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. જ્યારે SBIના ઈકોનોમિક રિસર્ચ ડિપાર્ટમેન્ટનું માનવું છે કે GDP ગ્રોથ મજબૂત હોવાથી રેપો રેટ જેટલો છે તેટલો જ યથાવત રાખવામાં આવશે.

### દિલ્હીવાસીઓને ગૂંગળાતા જોઈ કિરણ બેદી વ્યથિત

## વાયુ પ્રદૂષણ સંકટ પર સ્પષ્ટ જવાબદારી કરો : કિરણ બેદી

### રાજધાનીમાં લાંબા સમયથી વાયુ ગુણવત્તા કેમ વધી રહી છે, તેની તપાસ થવી જોઈએ : કિરણ બેદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીનું હવાનું પ્રદૂષણ દિવસે ને દિવસે બગડતું જઈ રહ્યું છે. રાજધાનીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)માં સતત વધારો થતા અહીંના લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે, ત્યારે આ મામલે સામાજિક કાર્યકર્તા અને નિવૃત્ત આઈપીએસ અધિકારી કિરણ બેદીએ ફરી ચિંતા વ્યક્ત કરી છે.

કિરણ બેદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક લાંબી પોસ્ટ કરીને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાને ગંભીર વાયુ પ્રદૂષણ સંકટ પર સ્પષ્ટ જવાબદારી નક્કી કરવા અપીલ કરી છે. તેમણે સરકાર પાસે આ સંકટ પર શ્વેત પત્ર જાહેર કરવાની માંગ કરી છે.

કિરણ બેદીએ એક્સ પર લખ્યું છે કે, રાજધાનીમાં લાંબા સમયથી વાયુ ગુણવત્તા કેમ વધી રહી છે, તેની તપાસ થવી જોઈએ. ગુણવત્તા સુધારવામાં નિષ્ફળ ગયેલી સંસ્થાઓની ઓળખ કરીવી જોઈએ. આ ઉપરાંત પ્રદૂષણ સુધારવા માટે તાત્કાલિક, ટૂંકા સમયનું અને લાંબા સમય ગાળાનું રોડમેપ તૈયાર કરીને નાગરિકો સમક્ષ રજૂ કરવો જોઈએ.

દિલ્હીની હવાની ગુણવત્તા સતત ખરાબ થતા બેદીએ દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે લખ્યું છે કે, ‘હું શહેરના લોકોને પીડિત થતા ન જોઈ શકું. મેં આખું જીવન રાજધાની દિલ્હીને આપ્યું છે. ખૂબ જ ખરાબ હવામાનમાં દિલ્હીવાસીઓ ગૂંગળાતા અને હાંફતા જોવા મળી રહ્યા છે, જે જોઈને મને દુઃખ થઈ રહ્યું છે.

તેમણે એક્સ પર બે બાગમાં પ્રસ્તાવ રજૂ કર્યો છે. તેમણે પ્રથમ ભાગમાં લખ્યું છે કે, શું વાયુ પ્રદૂષણના વર્તમાન પડકાર પર એક શ્વેત પત્ર તૈયાર કરી શકાય છે? આ પત્રમાં પાછલી જવાબદેહી નક્કી કરવી, વર્તમાન સંકટનું કારણ શું છે અને કોણે તથા કઈ બાબતોએ આપણને નિષ્ફળ કર્યા તે સ્પષ્ટ થવું જોઈએ.

બીજા ભાગમાં બેદીએ સવાલ કર્યો છે કે હવે આપણે આ પ્રદૂષણને અટકાવવા માટે ક્યાં જઈશું? તાત્કાલિક, અલ્પકાલિક અને દીર્ઘકાલિક ઉપાયો શું છે? તે કોના દ્વારા અને કેવી રીતે કરવામાં આવશે? શું તે પ્રસ્તાવિત સમય-સીમા સાથે હશે? તેમણે સંબંધિત વિભાગો અને સામાન્ય જનતાના સહયોગની પણ વાત કરી છે, કારણ કે દરેક વ્યક્તિ આ સમસ્યા માટે યોગદાનકર્તા અને ઉકેલ બંને છે.ઉલ્લેખનીય છે કે, અગાઉની પોસ્ટમાં કિરણ બેદીએ કહ્યું હતું કે, તે દિલ્હીને ’ગૂંગળાતા અને હાંફતા’ જોઈ રહી છે. તેમણે અધિકારીઓને કાગળની કાર્યવાહીના બદલે જમીની નિરીક્ષણને પ્રાથમિકતા આપવા વિનંતી કરી છે. તમામ ઉપાયો છતાં દિલ્હીમાં છઊેં છેલ્લા બે અઠવાડિયાથી ખૂબ જ ખરાબ અને ગંભીર શ્રેણીઓ જોવા મળી રહી છે.

### સરદાર@૧૫૦ : રાષ્ટ્રીય પદયાત્રાનો પાંચમો દિવસ

# પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુના અધ્યક્ષ સ્થાને જાંબુવા સ્થિત આઈડિયલ સ્કૂલ ખાતે સરદાર ગાથા સભા યોજાઈ

### ભાષાકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક વિવિધતા જ ભારતની સાચી શક્તિ છે, ‘ભારત એક છે’ એ સંદેશ આ યુનિટી માર્ચનો મુખ્ય સંદેશ છે: પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ




સરદાર@૧૫૦: રાષ્ટ્રીય પદયાત્રાના પાંચમા દિવસે વડોદરા શહેરના જાંબુવા સ્થિત આઈડિયલ સ્કૂલ ખાતે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુના અધ્યક્ષ સ્થાને સરદાર ગાથા સભા યોજાઈ હતી. વડોદરાવાસીઓ સરદાર સાહેબના જીવન-કવનને જાણે અને માણે તે માટે આયોજીત આ સરદાર સભામાં કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયા, કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી સંજય શેઠ, ગુજરાત સરકારના મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજા, સાંસદ ડો. હેમાંગ જોષી, મેયર પિક્રીબેન સોની સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલ મારા આદર્શ અને મારા જીવનની પ્રેરણા છે, તેમ કહીને સરદાર ગાથાને સંબોધતા ભારતના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઊજવણીના ભાગરૂપે આયોજીત રાષ્ટ્રીય પદયાત્રામાં પોતાની સહભાગિતાને સૌભાગ્યશાળી ઘટના ગણાવી હતી.

અખંડ ભારતના નિર્માણ માટે સરદાર પટેલની ઐતિહાસિક ભૂમિકાને યાદ કરતા પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી નાયડુએ જણાવ્યું હતું કે, દેશની સ્વતંત્રતા બાદ હૈદરાબાદ, જૂનાગઢ અને જમ્મુ-કાશ્મીરને ભારતમાં વિલય કરવાનું કામ અતિ મુશ્કેલ હતું. સરદાર પટેલે તેમના લોખંડી મનોબળ અને કુનેહ નીતિથી હૈદરાબાદ અને જૂનાગઢને ભારતમાં સમાવી દીધું હતું. પરંતુ તત્કાલીન વડાપ્રધાનના કારણે વણઉકેલ્યો રહેલો જમ્મુ-કાશ્મીરનો મુદ્દો પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતશાહના નેતૃત્વમાં ઉકેલાઈ ગયો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યસભામાંથી કલમ-૩૭૦ દૂર કરવાની સંપૂર્ણ પ્રક્રિયામાં રાજ્યસભાના સભાપતિ તરીકેનો તેમણે વ્યક્તિગત અનુભવ વર્ણવ્યો હતો. અને જમ્મુ-કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવાની પુણ્ય પ્રક્રિયામાં તેઓ ભાગીદાર હતા, તે વાતનો સગર્વ ઉલ્લેખ કર્યો હતો.

નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ થકી ભારતીય ઈતિહાસના પુસ્તકોમાં છત્રપતિ શિવાજી મહારાજ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ અને સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના રાષ્ટ્રનાયકોને યોગ્ય સ્થાન મળ્યું હોવાનો શ્રી નાયડુએ સંતોષ વ્યક્ત કર્યો હતો. પૂર્વ ઉપરાષ્ટ્રપતિશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી એ રાષ્ટ્રનું ગૌરવ છે. સરદારની સૌથી ઊંચી પ્રતિમાથી દેશવાસીઓને પ્રેરણા મળે છે. તેમણે દેશભરના યુવાઓને આંદામાન અને નિકોબાર સ્થિત સેલ્યુલર જેલ અને કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની અચૂક મુલાકાત લેવા અપીલ કરી હતી.

હવે અમેરિકા કે ચીનની નહીં, પરંતુ ભારતની ચર્ચા થાય છે, તેમ કહી પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી નાયડુએ જણાવ્યું હતું કે, ભારતનો વિકાસ અને પ્રગતિ કેટલાક દેશ અને લોકો પચાવી નથી શકતા, પરંતુ આઈ.એમ.એફ.એ પણ કહ્યું છે કે, ભારત એ વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે. ભારતની પ્રગતિએ વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે અને ડિજિટલ યુગે ભારતને દુનિયામાં અગ્રેસર બનાવ્યું છે. માઈક્રોસોફ્ટ અને ગૂગલ જેવી વૈશ્વિક સંસ્થાઓમાં ભારતીય નેતૃત્વ પર ગર્વ હોવાનું તેમણે જણાવ્યું હતું. MODI (મોદી) એટલે ’મોડેલ ઓફ ડેવલપિંગ ઈન્ડિયા’ તેમ કહીને શ્રી નાયડુએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યશૈલીની સરાહના કરી હતી.

આજે ભારતની સહકારી ચળવળ અને ડેરી વિકાસનું સમગ્ર શ્રેય સરદાર પટેલને મળે છે, તેમ કહીને પૂર્વ ઉપરાષ્ટ્રપતિશ્રીએ સરદાર સાહેબની પ્રેરણાથી થયેલી દૂધ ક્રાંતિ અને અમૂલની ગાથા વર્ણવી હતી. ભારતીય પ્રશાસનિક સેવાના જનકે કરેલી વ્યવસ્થાનો આધાર આજે પણ દેશને મજબૂત રાખે છે, તેમ કહીને શ્રી નાયડુએ વિકાસ, ટેક્નોલોજી, સુશાસન, ડિજિટલ ઈન્ડિયા, આંતર માળખાકીય સુવિધાઓ, આધુનિક ભારતની પ્રગતિ જેવા વિષયોને પોતાના પ્રેરક ઉદ્બોધનમાં આવરી લીધા હતા.

ભારત અનેક ભાષાઓ, સંસ્કૃતિઓ, વેશભૂષાઓ, પરંપરાઓ ધરાવે છે, છતાં ‘ભારત એક છે’ – આ સૂત્ર આજની પેઢીને સમજાવવા અને તેની અનુભૂતિ કરાવવી એ આ રાષ્ટ્રીય પદયાત્રાનો હેતુ છે, તેમ શ્રી નાયડુએ ગર્વભેર જણાવ્યું હતું. અટકથી કટક સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભારત એક જ છે. દેશના વિકાસ માટે સૌ ભારતીય એક જ પક્ષ છે અને સરકાર સાથે મળીને કામ કરવા પૂર્વ ઉપરાષ્ટ્રપતિશ્રીએ આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે તેમણે બાળકોને મોબાઈલ દૂર રાખવા માટે વાલીઓને ટકોર પણ કરી હતી.

કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુજીની ઉપસ્થિતિથી ‘સરદાર સભા’નું ગૌરવ વધ્યું હોવાનું જણાવી વડોદરાવાસીઓના ઉત્સાહને બિરદાવ્યો હતો. શ્રી માંડવિયાએ ગૌરવભેર જણાવ્યું હતું કે, વડોદરામાં રાષ્ટ્રીય પદયાત્રા અને પદયાત્રીઓને જે પ્રેમ મળી રહ્યો છે, તે અવિસ્મરણીય છે.

કેન્દ્રીય મંત્રી શ્રી માંડવિયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘સરદારજ૧૫૦’ ની ઉજવણી બે વર્ષ સુધી દેશભરમાં કરવાનું નક્કી કર્યું છે, જેના ઉપલક્ષ્યમાં સમગ્ર દેશના ૭૫૦ થી વધુ જિલ્લાઓમાં ૧૫૦૦ થી વધુ સ્થળોએ એક-એક દિવસની પદયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાઓનો મુખ્ય હેતુ એકતાનો સંદેશ, આત્મનિર્ભર ભારતનો સંદેશ અને વિકસિત ભારતના નિર્માણનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો છે, તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

વડોદરાવાસીઓના ઉમંગની નોંધ લેતા કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે આખો દિવસ વડોદરાના નાગરિકોએ પદયાત્રાનું જે સન્માન અને સ્વાગત કર્યું છે તે પ્રશંસનીય છે. રસ્તામાં વિવિધ વેશભૂષામાં ઉત્સાહભેર ભાગ લઈને લોકોએ યાત્રાને પ્રોત્સાહિત કરી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ યાત્રા માત્ર એક પદયાત્રા નથી, પણ તે જીવન યાત્રા અને વિચાર યાત્રા બની ચૂકી છે. દેશના યુવાનોએ આ યાત્રામાં જોડાઈને સરદાર સાહેબના ૫૬૨ રજવાડાઓને એક કરીને ‘એક ભારત’ બનાવવાની સિદ્ધિ વિશે સમજણ કેળવી છે. આ યાત્રાના માધ્યમથી સરદાર સાહેબ પાસેથી પ્રેરણા લઈને આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારત બનાવવાનો સંદેશ દેશના ખૂણે ખૂણે પહોંચી રહ્યો છે, તેમ કેન્દ્રીય મંત્રી શ્રી માંડવિયાએ ગર્વભેર જણાવ્યું હતું.

આઈડિયલ સ્કૂલ ખાતે યોજાયેલી સરદાર ગાથા સભામાં અગ્રણીઓ, પદાધિકારીઓ, પદયાત્રીઓ, બાળકો અને મોટી સંખ્યામાં વડોદરાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. - સાગર

## ડિજિટલ અરેસ્ટ ફ્રોડની તપાસમાં ઘટસ્ફોટ: ગુજરાતમાંથી ૧૦૦૦થી વધુ સિમ કાર્ડ દુબઈ મોકલી સાઈબર કૌભાંડનું નેટવર્ક ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં થોડાક દિવસ પહેલાં એક સિનિયર સિટીઝન સાથે થયેલા ૨૫ લાખ રૂપિયાના ડિજિટલ અરેસ્ટ ફ્રોડની તપાસમાં અમદાવાદ સાઈબર ક્રાઈમ પોલીસે મોટું આંતરરાષ્ટ્રીય સિમ કાર્ડ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે અત્યાર સુધીમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીએ છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાંથી ગેરકાયદે રીતે ૧૦૦૦થી વધુ સિમ કાર્ડ દુબઈ સ્થિત કોલ સેન્ટરોમાં મોકલીને મોટું નેટવર્ક ચલાવ્યું હતું.

પોલીસના જણાવ્યાનુસાર, થોડા સમય પહેલાં અમદાવાદમાં એક સિનિયર સિટીઝન સાથે ૨૫ લાખ રૂપિયાનું ડિજિટલ અરેસ્ટ ફ્રોડ થયું હતું. આ ફ્રોડમાં વપરાયેલા વોટ્સએપ નંબરની કોલ ડિટેલ કઢાવતા તે અમદાવાદના એક વ્યક્તિના નામે નોંધાયેલો હોવાનું જણાયું હતું. જે ગ્રાહકના નામે સિમ કાર્ડ હતું, તેમણે પોલીસને જણાવ્યું કે તે તેમના પિતાનું સિમ કાર્ડ પોતાના નામે ટ્રાન્સફર કરાવવા માટે એક એરટેલ એજન્ટ પાસે ગયા હતા. એજન્ટે ટ્રાન્સફરના બહાને તેમના બાયોમેટ્રિક્સ અને દસ્તાવેજો મેળવી લીધા, પરંતુ પછી ટેકનિકલ એરરનું બહાનું આપી ટ્રાન્સફર ન થઈ શક્યું હોવાનું કહી દીધું હતું. તપાસમાં ખુલાસો થયો કે ગ્રાહકની જાણ બહાર આ સિમ કાર્ડ ઈશ્યૂ કરીને તરત જ તેને દુબઈ મોકલી દેવામાં આવ્યું હતું, જેનો ઉપયોગ સાઈબર ક્રાઈમ અને ગેરકાયદે બેટિંગ કોલ સેન્ટરોમાં થઈ રહ્યો હતો. સાઈબર ક્રાઈમ પોલીસે આ મામલે ફરિયાદ દાખલ કરીને તપાસ શરૂ કરી અને ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. આ કૌભાંડમાં મુખ્ય ભૂમિકા વિજય રાવળની હતી, જે એરટેલનો એજન્ટ અને મુખ્ય ડિસ્ટ્રીબ્યુટર હતો. તે ગ્રાહકોના નામે ગેરકાયદે રીતે સિમ કાર્ડ ઈશ્યૂ કરતો હતો.

પકડાયેલા મોટાભાગના સિમ કાર્ડ એરટેલના હતા, કારણ કે કંબોડિયાના કોલ સેન્ટરોમાં નેટવર્ક કનેક્ટિવિટીને લીધે તેની વધુ માંગ હતી. શુભમ પરાડિયા અને કિરણ ઠક્કર ઈશ્યૂ થયેલા સિમ કાર્ડ એકત્રિત કરીને દુબઈ મોકલવામાં મદદ કરતા હતા. આ ત્રણેયે બે વર્ષમાં ૧૦૦૦ જેટલા સિમ કાર્ડ દુબઈ મોકલ્યા હતા. ચોથો આરોપી કુલદીપ જોશી છે, જે દુબઈમાં બે વર્ષથી ગેરકાયદે બેટિંગ કોલ સેન્ટરોમાં કામ કરતો હતો અને માસિક ૨૦,૦૦૦થી ૨૫,૦૦૦ રૂપિયા પગાર મેળવતો હતો. જ્યારે પણ તે ગુજરાત આવતો ત્યારે શુભમ અને કિરણ પાસેથી સિમ કાર્ડ મેળવીને દુબઈ પહોંચાડવાનું કામ કરતો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, દુબઈમાં બે મુખ્ય આરોપીઓ ભાવેશ જોશી ઉર્ફે લાદેન અને કનુ વારાહી આ સિમ કાર્ડ રિસીવ કરતા હતા અને તેનો ઉપયોગ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં કરાવતા હતા. તે ભારતમાં સિમ કાર્ડ ઈશ્યૂ કરનારાઓને પ્રતિ સિમ ૧૫૦૦ રૂપિયા ચૂકવતા હતા. ભારતના આરોપીઓ ગ્રાહકોને ૫૦૦થી ૭૦૦ રૂપિયા આપીને અથવા કન્સ્ટ્રક્શનના મજૂરોને ટાસ્ક પૂરો કરવાના બહાને શોધીને સિમ કાર્ડ ઈશ્યૂ કરાવતા હતા. આ ઉપરાંત પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન ગુજરાતમાંથી ૧૦૦૦ જેટલા સિમ કાર્ડ દુબઈ પહોંચાડાયા છે, જેનો ઉપયોગ ગેરકાયદે બેટિંગ, ગેમિંગ અને સાઈબર ક્રાઈમ માટે થતો હતો. પોલીસે દુબઈમાં રહેલા ભાવેશ જોશી ઉર્ફે લાદેન અને કનુ વારાહીની ધરપકડ માટે વધુ તપાસ હાથ ધરી છે.

## પંજાબથી હત્યા કરીને ગુજરાતના મેઘપરમાં રહેતો વોન્ટેડ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

ગુજરાત ATS અને જામનગર SOG દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરીને પંજાબ રાજ્યના હત્યાના એક ગુનામાં વોન્ટેડ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપી જામનગરના મેઘપર વિસ્તારમાં હેલ્પર તરીકે છૂટક મજૂરી કરીને છૂપાયેલો હતો.

ગત મહિને પંજાબના અમૃતસરના છ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મખનસિંઘ મધોળુરામની હત્યાનો ગુનો નોંધાયો હતો.

આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓ ધરમવિરસિંઘ, કરમવિરસિંઘ, બિક્રમજીતસિંઘ અને જોનની પંજાબ પોલીસે અટકાયત કર્યા બાદ, તેમણે અન્ય વોન્ટેડ આરોપી તરીકે લવપ્રિતસિંઘ હરજીતસિંઘનું નામ આપ્યું હતું. વોન્ટેડ આરોપી લવપ્રિતસિંઘની માહિતી પંજાબ પોલીસે ગુજરાત છ્જી સાથે શેર કરી હતી.ગુજરાત ATSના તપાસ હાથ ધરવામાં આવી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### સ્વાગત ઓનલાઈન : ટેકનોલોજીના માધ્યમથી લોકસમસ્યાનો ઉકેલ

## "સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ" પોરબંદરના મોડદરના ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થયો





ગુજરાતમાં લોકપ્રિય બનેલો "સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ" છેવાડાના લોકોના પાયાના પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવી રહ્યો છે. તેનું ઉદાહરણ છે - પોરબંદર જિલ્લાના મોડદર ગામનો કિસ્સો.

પોરબંદરના કુતિયાણા પાસે ૧૨૦૦ની વસ્તી ધરાવતું નાનકડું ગામ - મોડદર આજે ખુશ છે. તેનું કારણ છે -સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ.

વાત વિગતે. મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં પોરબંદરના મોડદર ગામના લખમણભાઈ મોડદરા અન્ય ખેડૂતોએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ તેમના ગામના રસ્તાનો પ્રશ્ન રજૂ કર્યો.મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને ધ્યાનથી સાંભળ્યા. ગામની રજૂઆત હતી કે તેમને કુતિયાણા પહોંચવા માટે રસ્તો અને બ્રિજ બનાવી આપવામાં આવે.

મુખ્યમંત્રી ને લાગ્યું કે, ગ્રામજનોનો પ્રશ્ન વાજબી છે. અને તેનાથી ખેડૂતો, વિદ્યાર્થીઓ અને અન્ય ગ્રામજનોની સુખાકારી વધશે. તેમને તરત જ રૂ. ૯ કરોડ મંજૂર કર્યા. રસ્તા અને પુલનું કામ મંજુર કરી તાત્કાલિક ધોરણે કામગીરી કરવા સૂચના આપી હતી.

હવે મોડદર અને પસવારી ગામ વચ્ચે માઈનોર બ્રિજ, કલવર્ટ અને ત્રણ કિમી રસ્તાની કામગીરી શરૂ થશે. આ કા. માટે રૂા.૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં ગામના પ્રશ્નનું નિરાકરણ આવતા ગ્રામજનો ભાવવિભોર બન્યા છે. શ્રી લખમણભાઈ કહ્યું : ’ અમે મુખ્યમંત્રીને મળીને ગામડે પહોંચ્યા ત્યાં ચોથા જ દિવસે સીએમ કાર્યાલયમાંથી ફોન આવ્યો કે તમારા પ્રશ્નનું નિરાકરણ થઈ ગયું છે.એટલું જ નહીં પરંતુ આ કામગીરી માટે રૂપિયા નવ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવામાં આવી છે. અમારા નાના ગામ માટે આ બહુ મોટી વાત છે."

લક્ષ્મણભાઈ કહે છે કે છેલ્લાં અનેક વર્ષોથી ગામ લોકોની એવી લાગણી હતી કે કુતિયાણા જવા માટે રસ્તો અને બ્રિજ બને. હાલ

ચારેક ગામ પાસે વટાવીને જવું પડે છે. જેનું અંતર ૨૦ કિમી છે. વળી નદીના સામા કાંઠે ૧૦૦ થી વધુ ખેડૂતોના ખેતરો છે. આ ખેતરો એ પણ ફરી ફરીને જવું પડે છે. ખેડૂતો ટૂંકા રસ્તાનો ઉપયોગ કરતા, પણ જીવ જોખમમાં મૂકીને.

લક્ષ્મણભાઈ કહે છે કે, ગ્રામજનો માલ ઢોર સાથે નદીમાં ઉતરી ખેતરે જતા. ક્યારેક તરાપાનો ઉપયોગ કરતા.જેથી ડૂબવાનો હંમેશા ભય રહે.આ સમસ્યામાંથી હવે મુક્તિ મળશે.

આ ગામ ઘેડ વિસ્તારનું. એટલે આ ગામમાં આઠ મહિના નદીમાં પાણી ભરાયેલું રહે અને ચાર મહિના જ રસ્તો ખુલ્લો રહે. ગામ લોકોએ સૌપ્રથમ આ પ્રશ્ન જિલ્લા સ્વાગતમાં રજૂ કર્યો.પોરબંદર કલેક્ટર અડચણો દૂર કરાવીને જૂનો રસ્તો ખુલ્લો કરાવ્યો.પરંતુ ગ્રામજનોની માંગણી નદી પર પુલની હતી. આ અંગે મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં સમસ્યા રજૂ થઈ. અને તેનો ઉકેલ આવ્યો.

મોડદરના શ્રી રમેશભાઈ કરંગીયા જણાવે છે કે આ રસ્તો અમારા માટે જીવાદોરી સમાન બની રહેશે. વિદ્યાર્થીઓને સ્કૂલ નજીક થશે, ખેડૂતોને ખેતર. અને જ્યાતે દર્દીને ઝડપી સારવારની જરૂર હશે, ત્યારે તેને દવાખાને પહોંચાડી શકાશે.જેથી તે જીવ પણ બચાવી શકે.

મોડદરના માલધારી રાણાભાઈ કટારા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આપેલા આવકાર ને આજે પણ યાદ કરે છે. તે હર્ષ વ્યક્ત કરતા કહે છે "મુખ્યમંત્રીશ્રી અમારો પ્રશ્ન સમજ્યાં અને તરત ઉકેલ લાવ્યા. તેનો સંતોષ છે. "

મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં મોડદર જેવા અનેક ગામો -શહેરોના નાગરિકોની સમસ્યાનું સમાધાન થાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે શરૂ થયેલો "સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ" આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વધુ તેજ ગતિએ આગળ ધપી રહ્યો છે. "નાગરિક દેવો ભવ:" ના વિચારને વાસ્તવિક સ્વરૂપ આપે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### આધુનિક અમદાવાદના શિલ્પી સરદાર પટેલ

# સરદાર પટેલના ક્રાંતિકારી નિર્ણયો અને સુઆયોજિત નગર નિયોજનનું સાક્ષી અમદાવાદ શહેર

## સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને કોર્પોરેશનના સુધારક તરીકે વહીવટી સુધારણા, જાહેર આરોગ્ય, ટાઉન પ્લાનિંગ સહિતની કામગીરી થકી સરદાર પટેલ સુશાસનના આદર્શ બન્યા

આલેખન : મિનેશ પટેલ,
પ્રાદેશિક માહિતી કચેરી,
અમદાવાદ

રાજયભરમાં રાષ્ટ્રીય એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. લોહપુરુષ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજયભરમાં 'યુનિટી માર્ચ' સહિતના અનેક પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ ઉજવણી માત્ર સરદારના દેશ માટેના અદ્વિતીય યોગદાનને યાદ કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તેમના આદર્શોને વર્તમાન પેઢી માટે પ્રેરણાસ્રોત બનાવવાનો પણ એક અવસર છે.

આઝાદી પૂર્વેના ભારતમાં, જ્યાં સરદાર પટેલની ઓળખ ખેડૂતોના મસીહા, બારડોલી સત્યાગ્રહના આગેવાન અને દેશી રજવાડાઓના વિલીનીકરણના મહાનાયક તરીકે પ્રસ્થાપિત થઈ, ત્યાં તેમના જાહેર જીવનનો પાયો ગુજરાતના આર્થિક - સાંસ્કૃતિક પાટનગર અમદાવાદમાં નંખાયો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેમનો કાર્યકાળ આજના સ્વચ્છ, સુનિયોજિત અને સુશાસિત નગરતંત્ર માટે એક માર્ગદર્શક દીવાદાંડી સમાન છે. તેમણે અહીંથી જ પ્રશાસકીય નેતૃત્વના પાઠ શીખ્યા અને એક કુશળ વહીવટકર્તા તરીકેની પોતાની છાપ છોડી, જેનો વારસો આજે પણ જીવંત છે.


● સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ સાથેના રાજકીય સંસ્મરણો

● પ્રમુખ પદ અને લોક-કેન્દ્રી વહીવટની શરૂઆત

અમદાવાદના જાહેર જીવનમાં સરદાર પટેલના નેતૃત્વની નિર્ણાયક ક્ષણ ૯ ફેબ્રુઆરી, ૧૯૨૪ના રોજ આવી. ઈતિહાસની તવારીખમાં આ તારીખનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે આ દિવસે અમદાવાદ મ્યુનિસિપાલિટીના નવા ચૂંટાયેલા બોર્ડની સૌપ્રથમ બેઠકમાં સરદાર વલ્લભભાઈ પટેલ ૫૩ વિરુદ્ધ બે મતની જંગી બહુમતીથી મ્યુનિસિપલ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

આ ચૂંટણી બે વર્ષ બાદ યોજાઈ હતી, કારણ કે ૯ ફેબ્રુઆરી ૧૯૨૨ના રોજ મ્યુનિસિપાલિટીને સસ્પેન્ડ કરવામાં આવી હતી. ૩૦ જાન્યુઆરી ૧૯૨૪ના રોજ યોજાયેલી ચૂંટણીમાં ૪૮ પ્રજાનિયુક્ત સભ્યો ચૂંટવા માટે સ્પર્ધા હતી. અગાઉ ત્રણ-ત્રણ વખત દરિયાપુર વોર્ડથી ચૂંટાનારા સરદારે આ વખતે ખાડિયા વોર્ડમાંથી ઉમેદવારી નોંધાવી હતી અને તેઓ બિનહરીફ ચૂંટાયા હતા.

પ્રમુખ બન્યા બાદ સરદારે વહીવટી પ્રણાલીમાં મૂળભૂત પરિવર્તન લાવીને આ પદની ગરિમા અને ગૌરવમાં વધારો કર્યો. વર્ષોથી અંગ્રેજીમાં ચાલતો વહીવટ તેમણે સામાન્ય પ્રજા માટે સરળતાથી સમજાય તે રીતે ગુજરાતી ભાષામાં શરૂ કરાવ્યો હતો.



પ્રજાની મ્યુનિસિપાલિટી અને સુનિયોજિત વિકાસ

સરદારના આગમન પહેલાં, મ્યુનિસિપાલિટીમાં સામાન્ય પ્રજાજનોનો પ્રવેશ લગભગ અશક્ય ગણાતો હતો, પરંતુ સરદાર પટેલના કાર્યકાળમાં આ પરિસ્થિતિ બદલાઈ. સામાન્ય નાગરિક કોઈ પણ ખચકાટ વિના પોતાની નાનકડી સમસ્યા સાથે પણ સરદારને મળી શકતો, જ્યાં સરદાર તેમને શાંતિથી સાંભળતા અને તેમની સમસ્યાનું નિરાકરણ લાવતા. આમ ખરા અર્થમાં મ્યુનિસિપાલિટી 'પ્રજાની મ્યુનિસિપાલિટી' બની.

સરદાર પટેલે મ્યુનિસિપલ કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો કરવા સાથે વહીવટી પ્રક્રિયાઓને ઝડપી અને પારદર્શક બનાવી.

અમદાવાદનો વિકાસ કરવા માટે સરદાર પટેલે વિવિધ યોજનાઓનો મક્કમતાપૂર્વક અમલ કરાવ્યો હતો. અમદાવાદને એક આધુનિક શહેર બનાવવા માટે ટાઉન પ્લાનિંગ (ટીપી) સ્કીમ લાગુ કરાવવામાં પણ તેમની ભૂમિકા નિર્ણાયક રહી હતી.

તેમના માર્ગદર્શનમાં કોટની ચાર દીવાલમાં વસતા અમદાવાદનો વિકાસ કરવા માટે એલિસબ્રિજ અને મણિનગરની ટાઉન પ્લાનિંગ સ્કીમ રજૂ કરવામાં આવી હતી.

સરદાર પટેલે કોર્પોરેશન હેઠળની શાળાઓમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધાર્યો અને ગુણવત્તા સુધારવા પર ભાર મૂક્યો હતો.

આ ઉપરાંત, શહેરમાં ગીચ વસવાટને કારણે ફેલાતા રોગચાળાને ડામવા માટે સરદારના નેતૃત્વમાં ૨૨૨ દિવસ સુધી યુદ્ધના ધોરણે સાફસફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ ઝુંબેશની પ્રશંસા ખુદ મહાત્મા ગાંધીએ પણ કરી હતી.

ક્રાંતિકારી પહેલ અને આપત્તિ વ્યવસ્થાપનનો વારસો

મ્યુનિસિપલ પ્રમુખ તરીકે સરદાર પટેલે કેટલીક ક્રાંતિકારી પહેલ પણ કરી હતી. તેમણે વર્ષોથી રિપન હોલ તરીકે ઓળખાતા સભાખંડનું નવસંસ્કરણ કરીને તેને ગાંધી હોલ નામ આપ્યું.

૨૪ ઓગસ્ટ ૧૯૨૪ના રોજ, તેમણે ગાંધીજીનું સૌપ્રથમ નાગરિક સન્માન કરવાનું માન અમદાવાદ મ્યુનિસિપાલિટીને અપાવ્યું.

એટલું જ નહીં, ગુજરાતની સૌપ્રથમ અને ભારતની બીજી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી અમદાવાદના કોચરબ જેવા પરાં વિસ્તારમાં સાકાર થઈ.

સરદારના સૂચનથી, તેના નિર્માણમાં પ્રીતમરાય દેસાઈના પ્રયાસોને સન્માન આપવા માટે ધી બ્રહ્મક્ષત્રિય કો ઓ હાઉસિંગ સોસાયટીનું નામ પ્રીતમનગર રાખવામાં આવ્યું.

આ જ પ્રીતમનગરની પ્રેરણાથી ખેડા જિલ્લામાં દૂધ ઉત્પાદકોએ નાના પાયા પર દૂધ ઉત્પાદક મંડળી રચી, જે આગળ જતાં વિશ્વવિખ્યાત સહકારી સંસ્થા અમૂલ તરીકે પ્રસિદ્ધિ પામી.

સરદાર પટેલની વહીવટી ક્ષમતાનો અનુભવ જુલાઈ ૧૯૨૭માં પણ થયો, જ્યારે સમગ્ર ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે વ્યાપક તારાજી થઈ હતી. સરદાર એ સમયે અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હોવાની સાથે સાથે ગુજરાત પ્રાંતિક સમિતિના પણ પ્રમુખ હતા. તેમણે અને તેમના સાથીઓએ સેવાભાવનાથી જે રીતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કર્યું, તેનો અનુભવ સ્વતંત્રતા પૂર્વે સમગ્ર દેશવાસીઓને થયો હતો.

આમ, સરદાર વલ્લભભાઈ પટેલનો અમદાવાદ મ્યુનિસિપાલિટીનો કાર્યકાળ માત્ર એક ઈતિહાસ નથી, પરંતુ સુશાસનનું એક ઉત્તમ ઉદાહરણ છે. તેમણે વકીલાતના વૈભવી જીવનનો ત્યાગ કરીને સામાન્ય નાગરિકોના હિત માટે જે પ્રતિબદ્ધતા દર્શાવી, તે પ્રેરણારૂપ છે. ટાઉન પ્લાનિંગ સ્કીમ્સ દ્વારા શહેરના ભવિષ્યને સુરક્ષિત કરવાનો તેમનો દૃષ્ટિકોણ તથા ૧૯૨૭ના પૂર જેવી આફતોમાં તેમનું અડીખમ નેતૃત્વ સહિતના તમામ સંસ્મરણો અમદાવાદના વિકાસની ગાથામાં સુવર્ણ અક્ષરે લખાયેલા છે.

સરદારની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે, આપણે તેમના આ વારસાને યાદ કરીએ અને સમજાવટ, એકતા અને કર્મઠતાના આદર્શોને આપણા જાહેર જીવનમાં અપનાવીએ – એ જ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

---

### અમદાવાદ જિલ્લાના ત્રણ સમીક્ષા કેન્દ્રો પર ગીતાંશકંઠ પાઠ તેમજ શત સુભાષિતકંઠપાઠ યોજાશે

# ગીતા જયંતીના અવસરે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ ગ્રામ્ય અને શહેર દ્વારા જિલ્લા સ્તરીય 'ગીતા મહોત્સવ' કાર્યક્રમનું આયોજન







ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય તથા શહેરના સંયુક્ત ઉપક્રમે ૧ ડિસેમ્બરના રોજ ગીતા જયંતીના અવસરે જિલ્લા સ્તરીય 'ગીતા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે.

## સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ રાણીપ ખાતે યોજાનાર જિલ્લા સ્તરીય કાર્યક્રમમાં ગીતા પૂજન, ભગવતગીતાના અધ્યાયનો સમૂહ પાઠ, સંસ્કૃત ભાષા તેમજ સંસ્કૃતિને લગતી પ્રદર્શનીનું આયોજન

'ગીતા મહોત્સવ' અંતર્ગત સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ રાણીપ ખાતે જિલ્લા સ્તરીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગીતા પૂજન, ભગવતગીતાના અધ્યાયનો સમૂહ પાઠ, સંસ્કૃત ભાષા તેમજ સંસ્કૃતિને લગતી પ્રદર્શની યોજવામાં આવશે. આ ઉપરાંત, અમદાવાદ જિલ્લાના ત્રણ સમીક્ષા કેન્દ્રો પર ગીતાંશકંઠ પાઠ તેમજ શત સુભાષિતકંઠપાઠ યોજાશે.

'ગીતા મહોત્સવ' કાર્યક્રમમાં ૨૦૦ જેટલા સહભાગીઓ ઉત્સાહભેર ભાગ લેશે. કાર્યક્રમમાં સહભાગીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કાર્યક્રમના સફળ આયોજન અંગે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

---

# ભાવનગર મંડળ રેલ પ્રબંધક કચેરી પરિસરમાં વૃક્ષારોપણ – હરિત પરિસર તરફ મહત્વપૂર્ણ પગલું



૩૦ નવેમ્બર, ૨૦૨૫ (રવિવાર)ના રોજ ભાવનગર પરા સ્થિત મંડળ રેલ પ્રબંધક કચેરીના પરિસરમાં ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. પરિસરને વધુ હરિયાળું, સ્વચ્છ અને પર્યાવરણીય સંતુલન સાથે વિકસિત કરવા માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું નેતૃત્વ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ કર્યું.

કાર્યક્રમમાં અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા સહિત મંડળના તમામ વરિષ્ઠ અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તથા પોતાનાં હાથોથી વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપી કે વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત કચેરી પરિસરમાં એરેકા પામ **(Areca Palm)**ના કુલ ૨૮ રોપા રોપવામાં આવ્યા. આ છોડ માત્ર આકર્ષક અને સુશોભિત જ નથી, પરંતુ કુદરતી હવામાં શુદ્ધતા લાવવાને સાથે પર્યાવરણમાં ભેજ અને સકારાત્મક ઊર્જા પણ વધારે છે.

રેલ પ્રશાસનનો આ પ્રયત્ન કચેરી પરિસરને હરિયાળીથી સમૃદ્ધ બનાવી સ્વસ્થ અને સ્વચ્છ કાર્ય પરિસર ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

---

# ગુજરાત પોલીસમાં પીએસઆઈ-એલઆરડી ની ભરતી પ્રક્રિયા શરૂ: કુલ ૧૩૫૯૧ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી ૩ ડીસે. થી શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

પોલીસ વિભાગમાં કારકિર્દી બનાવવા ઈચ્છુક યુવાઓ માટે રાજય સરકાર તરફથી મહત્વપૂર્ણ જાહેરાત થઈ છે. ગુજરાત સરકારે પીએસઆઈ તથા એલઆરડી માટે મોટી ભરતી જાહેર કરી છે, કુલ ૧૩૫૯૧ જગ્યાઓ ભરવામાં આવશે એવી સત્તાવાર માહિતી બહાર પાડવામાં આવી છે. ગણા સમયથી ભરતીની જાહેરાતની રાહ જોતા ઉમેદવારો માટે આ સમાચાર ઉત્સાહજનક માનવામાં આવી રહ્યા છે.



રાજય સરકારે બે મુખ્ય કેડર પીએસઆઈ તથા લોકરક્ષક માટે વિશાળ પ્રમાણમાં ભરતી મંજુર કરી છે. આગામી દિવસોમાં ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ થશે અને તમામ ઉમેદવારોને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા જ નોંધણી કરાવી પડશે. ભરતીના નિયમો, જરૂરી લાયકાત અને પસંદગી પ્રક્રિયા અંગેની સંપૂર્ણ માહિતી પત્ર ટુંક સમયમાં જાહેર થશે, આ જાહેરાતથી પોલીસ ક્ષેત્રમાં નવી તકો ઉભી થઈ છે, પીએસઆઈ કેડર હેઠળ કુલ ૮૫૮ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. તેમાં બિન હથિયારી પીએસઆઈ માટે ૬૫૯ પદો અને હથિયારી પીએસઆઈ માટે ૧૨૯ પદો નિર્ધારીત કરવામાં આવ્યા છે. સાથે જ જેલર ગૃપ- ૨ માટે ૭૦ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ કેડરમાં પસંદગી મેળવવા માટે ઉમેદવારોને લેખિત પરીક્ષા, શારીરિક કસોટી અને દસ્તાવેજ ચકાસણી પાસ કરવી પડશે, ખુબ જ કડક પ્રક્રિયા બાદ લાયક ઉમેદવારોની પસંદગી થશે એવુ માનવામાં આવે છે.

પીએસઆઈ સાથે જ એલઆરડી માટે કુલ ૧૨૭૩૩ જગ્યાઓ ભરાતી હોવાથી રાજયમાં સૌથી મોટુ ભરતી અભિયાન શરૂ થવા જઈ રહ્યુ છે. બિન હથિયારી કોન્સ્ટેબલ માટે ૬૯૪૨ તથા હથિયારી કોન્સ્ટેબલ માટે ૨૪૫૮ પદો રાખવામાં આવ્યા છે. એસઆરપીએફ માટે ૩૦૦૨ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જેલ સીપાહી (પુરુષ) માટે ૩૦૦ અને જેલ સીપાહી (મહિલા/મેટ્રન) માટે ૩૧ જગ્યાઓ જાહેર થઈ છે. આ ભરતીથી રાજયના યુવાનોને નોકરીની વિશાળ તક મળશે.

ઉમેદવારો ઓજસ પોર્ટલ મારફતે ઓનલાઈન અરજી કરી શકશે, અરજી પ્રક્રીયા ૩ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ બપોરે ૨ વાગ્યાથી શરૂ થશે અને ૨૩ ડીસેમ્બર ૨૦૨૫ ની રાત્રે ૧૧:૫૯ કલાકે પુરી થશે. સમય મર્યાદાબાદ ભરાયેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહી તેથી ઉમેદવારોને વહેલીતકે અરજી કરવાની સલાહ આપવામાં આવે છે. સરકારી વેબસાઈટ પર નોંધણી, ફોર્મ ભરણા અને ફી ચુકવણી સંબંધીત માર્ગદર્શિકા ઉપલબ્ધ રહેશે.

---

# ઉડતા ગુજરાત એ ભાજપની ગીફ્ટ છે : અદાણી પોર્ટ ડ્રગ્સનુ હબ કેમ બની રહ્યુ છે?



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મોદી સીએમ બન્યાના બીજા વરસે ૧૦ હજાર કિલો ડ્રગ્સ ઝડપાયુ હતુ, ત્યારથી આજ દીન સુધી મોટાપાયે ડ્રગ્સનો કારોબાર ચાલ્યો આવે છે અને હવે છેલ્લા ૩ વરસની વાત કરીએ તો કુલ ૯,૨૪૯.૮૬ કરોડનુ ડ્રગ્સ ઝડપાયુ છે. જેમાં ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી માત્ર કચ્છમાં જ અદાણી સંચાલીત મુંદ્રા પોર્ટ પરથી અંદાજીત ૩૫ હજાર કરોડનુ ડ્રગ્સ ઝડપાયુ છે. તમને જણાવી દઈએ કે ૨૦ ડીસેમ્બર ૨૦૧૬ માં મુંદ્રા પોર્ટ પર થી ૧૨૦૦ કરોડનુ ડ્રગ્સ પકડાયુ હતુ ત્યારબાદ એપ્રિલ ૨૦૨૧ માં ૩૧૨૦ કરોડ અને ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧ માં ૨૧ હજાર કરોડનુ ડ્રગ્સ પકડાયુ હતું. અદાણી પોર્ટ પરથી કરોડોનુ ડ્રગ્સ પકડાયુ હતુ અને ૨૦૨૪ સુધીમાં કુલ ૩૫ હજાર કરોડ જેટલુ ડ્રગ્સ ઝડપાયુ છે. દરીયા કિનારાને સુરક્ષા પુરી પાડવામાં નઘરોળ ભાજપ સરકારની બેદરકારીના કારણે ગુજરાતમાં આ જંગી ડ્રગ્સ ઠલવાઈ રહ્યુ છે અને ગુજરાતનુ યુવાધન નશાની કાળી દુનિયામાં બરબાદી તરફ ધકેલાઈ રહ્યુ છે. ગુજરાતમાં દારૂ બંધીનો કાયદો હોવા છતાં તેના અમલના નામે માત્ર ઠાલા હોકારાથી પડકારાથી વધુ કંઈ નથી, તેવા આક્ષેપો લાગ્યા છે અને ભાજપ સરકારે ગુજરાતને ડ્રગ્સનુ પણ હબ બનાવી દીધુ હોવાની વાત સામે આવી છે. હેરોઈન, કોકેઈન, ગાંજો, અફીણ, પોષડોડા, મેફેડ્રોન, ડ્રગ્સ આવે છે તે કયાંથી આવે છે ? કોણ મોકલે છે ? કોના સુધી પહોચે છે ? ગુજરાતમાં ડ્રગ્સની બદીને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નિવળી છે. મોંઘવારી, બેરોજગારી ઉપરાંત અન્ય કારણોસર સગીર વયના બાળકો, મહિલાઓને ડ્રગ્સની તસ્કરી માટે ડ્રગ્સ માફીયાઓ ઉપયોગ કરી રહ્યા છે. રાષ્ટ્રીય સરવે અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮ ના આંકડા પ્રમાણે રાજયના ૧૭ લાખ ૩૫ હજાર પુરુષો ડ્રગ્સના બંધાણે જયારે ૧ લાખ ૮૫ હજાર મહિલાઓમાં પણ ડ્રગ્સની બંધાણી છે. જે દર્શાવે છે ગુજરાતમાં કેટલી હદે ડ્રગ્સનો કારોબાર ફુલ્યોફાલ્યો છે.

---

### સહકારી રાજકારણથી પાટીદારોને દુર કરાતા હોવાનો આક્ષેપ અલ્પેશ કથીરીયાએ કર્યો

# ભાજપ સહકારી માળખાની ચુંટણીઓમાં પાટીદારોનુ પતન કરવા જઈ રહી છે: સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં EWS ની પાટીદારોની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

સહકારી રાજકારણથી પાટીદારોને દુર કરાઈ રહ્યા છે તેવુ અલ્પેશ કથીરીયાએ કહ્યુ છે. સહકારમાંથી પાટીદારોનો એકડો કાંઢી નાખવાનુ કામ દુધ સાગર ડેરીમાં ૨૧.૧૮ ટકા મતદાર સામે ૨ ડીરેકટર અને EWS લાગુ નહી કરાય તો પાટીદારોનુ રાજકીય પતન થશે તેવી વાત બહાર આવી છે. EWS એસ લાગુ થાય તો ૧૦ ટકા અનામત મળી શકે છે તેવુ કથીરીયાનુ કહેવુ છે.

ભાજપના પાટીદાર નેતા વરૂણ પટેલે નિસાસો નાખ્યો છે. વરૂણ પટેલના નિવેદનને પાટીદાર નેતા અલ્પેશ કથીરીયાનુ સમર્થન છે. અલ્પેશ કથીરીયાએ જણાવ્યુ હતુ કે ગુજરાતના સહકારી રાજકારણમાં પાટીદારોનો એકડો કાઢી નાખવાનુ કામ ભાજપની સરકારમાં થઈ રહ્યુ છે. મહેસાણા દુધ સાગર ડેરીમાં સૌથી વધુ ૨૧.૧૮ ટકા મતદારો હોવા છતાં નિયામક મંડળમાં માત્ર



૨ પાટીદારોને ડીરેકટર બનાવાયા છે, હજુ પણ પાટીદારો નહી જાગે અને સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં આવો જ માહોલ જોવા મળશે. કથીરીયાનુ કહેવુ છે કે વરૂણ પટેલની સાચી વાત છે, પાટીદાર સમાજની સાથે ૬૮ થી પણ વધારે જ્ઞાતિ છે. EWS લાગુ થાય તો ૧૦ ટકા અનામત મળશે પરંતુ જો લાગુ ન થાય તો નુકશાન થઈ શકે છે જે મામલે ચુંટણીપંચ માં પણ રજુઆત કરવામાં આવી છે.

પાટીદાર સમાજની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં EWS ને અનામતને જ્ઞત્રિય સંકલન સમિતિએ ટેકો જાહેર કર્યો છે, પાટીદાર સમાજે EWS લાગુ પડવા કરેલ માંગણીઓ યોગ્ય છે, આ મુદ્દો એક સમાજનો નથી જ્ઞાત્રીય સમાજ પણ એમાં આવે છે. પાટીદાર સમાજની ચિંતન શિબિરમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓમાં EWS અનામતનો રહ્યો, આ બેઠકમાં ઓબીસી, એસસી અને એસટી સમુદાયની જેમ EWS માં આવતા લોકોને પણ રાજકારણમાં અનામત મળે તેવી પ્રબળ માંગણી ઉઠી છે.

---

### આર્થિક વિકાસના નામે ક્યાં સુધી વિનાશ નોતરીશું?

# ગુજરાતના લાખો નાગરિકોનું આરોગ્ય આજે જોખમમાં!

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતની હવામાં હવે ઝેર ભળી ગયું છે. **AQI 200**થી વધુ એટલે બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓ માટે તો ખતરો છે જ, પણ સ્વસ્થ લોકો પણ હવે સુરક્ષિત નથી. શ્વાસ લેતાં જ ગળામાં બળતરા, આંખોમાં પાણી, ઉધરસ અને શ્વાસની તકલીફની ફરિયાદો વધી છે. હવામાં સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ અને એમોનિયા જેવા ઝેરી વાયુઓનું પ્રમાણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. સૌથી મોટો આક્ષેપ હજીરા, પાંડેસરા જેવા ઔદ્યોગિક વિસ્તારો પર છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી દર્શન નાયકે વન અને પર્યાવરણ મંત્રી અર્જુનસિંહ મોઢવાડિયાને પત્ર લખીને સીધો આક્ષેપ કર્યો છે કે અહીંના ઔદ્યોગિક એકમો નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે.

### ૧૧ માસના કરાર પર નિમણુંકઃ આવતી કાલે ૨ ડીસે. થી ૧૨ ડીસે.સુધી ફોર્મ ભરાશે

# ગુજરાતમાં જ્ઞાન સહાયક માટે આવતીકાલથી ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ: પ્રાથમિક થી ઉચ્ચત્તર માધ્યમિક સુધીના ફોર્મ ભરી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તરે જ્ઞાન સહાયકની નિમણુંક કરવા નવી પ્રક્રિયા શરૂ કરી છે, આ નિયુકિત ૧૧માસના કરાર આધારીત રહેશે અને રસ ધરાવતા ઉમેદવારો ઓનલાઈન અરજીઓ કરી શકે છે. શાળાઓમાં શિક્ષણ સેવાઓને મજબુત બનાવવા આ યોજના મહત્વપૂર્ણ બની રહી છે. સહકારી માળખામાં માનવ સંસાધન વધે તે હેતુથી આ જાહેરાતને વિશેષ ગણવામાં આવી રહી છે.




જ્ઞાન સહાયક તરીકે માત્ર સામાન્ય શાળામાં જ નહી પરંતુ અનુદાનિત આદિજાતિ વિકાસ કચેરી અને સામાજિક ન્યાય વિભાગની નિવાસી શાળાઓમાં પણ નિમણુંક થશે આથી યોજના ગ્રામ્ય અને વનવાસી વિસ્તારોમાં પણ અસરકારક રીતે પહોચશે, વિસ્તૃત શાળામાં આ પદો ભરાતા વિદ્યાર્થીઓને વધુ સહાય મળશે, તમામ સ્તરે શિક્ષણની ગુણવત્તા વધારવાનો મુળ હેતુ અહીં પ્રતિબિંબિત થાય છે, આવતી કાલે તારીખ ૨ ડીસેમ્બર થી ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે અને ૧૨ ડીસેમ્બર સુધી રાત્રે ૧૧.૫૯ કલાક સુધી ફોર્મ ભરી શકાશે. ઉમેદવારોએ માત્ર ઓનલાઈન જ અરજી કરવી પડશે, જયારે ટપાલ, કુરીયર અથવા ઓફીસમાં આપેલી અરજી સ્વીકારાશે નહી, વય મર્યાદા અને લાયકાત અંગેની માહિતી માટે વેબસાઈટ પર મુકેલી માર્ગદર્શિકા વાંચવી જરૂરી રહેશે, સુચનાઓનુ પાલન ન કરનારી અરજીઓ રદ ગણાશે. તે બાબત ઉમેદવારોએ યાદ રાખવી જરૂરી છે.

પછી કોઈપણ તબકકે ઉમેદવારોને વેરીફીકેશન માટે બોલાવવામાં આવશે ત્યારે અરજીની પ્રિન્ટ સાથે તમામ અસલ પ્રમાણપત્રો અને તેમની નકલ સાથે લાવવાની રહેશે. પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ રાખવો પણ જરૂરી ગણવામાં આવ્યો છે. ચકાસણી પ્રક્રિયા પુર્ણ થયા બાદ લાયક ઉમેદવારોને પસંદગી પ્રક્રિયામાં આગળ ધપાવવામાં આવશે. દસ્તાવેજોની સાચી પ્રસ્તૃતિ ઉમેદવાર માટે મહત્વપૂર્ણ રહેશે. આ ભરતીના માધ્યમથી યુવાનોને શિક્ષણ ક્ષેત્રે સીધો ફાળો આપવા તક મળશે. જ્ઞાન સહાયકમાં જોડાઈને શાળાના શૈક્ષણિક વાતાવરણને મજબુત બનાવવામાં સહભાગી થવાની તક છે. સરકારની આ જાહેરાતને શિક્ષણ વિભાગના વધુ એક પગથીયા તરીકે જોવામાં આવી રહી છે, લાયકા ઉમેદવારોને નિર્ધારીત સમય મધ્યે અરજી કરવાની વિનંતી કરવામાં આવે છે.

### મેવાણી-ઈટાલીયા બાદ ભાજપના ધારાસભ્યો સંઘવીની કામગીરી સામે નારાજગી?

# પૂર્વ મંત્રીઓની ભલામણો હર્ષ સંઘવીના કાર્યાલયે વરસોથી ધુળ ખાઈ રહી છે તેનો સંઘવીએ નિકાલ કરવો જોઈએ : કોંગ્રેસ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં બેફામ વેચતા દારૂ -ડ્રગ્સ ના વેચાણ વિરૂધ્ધ કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી ગૃહમંત્રી હર્ષ સંઘવી સામે આક્રમક બની રહ્યા છે, દારૂ ડ્રગ્સના મામલે કોંગ્રેસ રાજયમાં ઠેર ઠેર વિરોધ કરી રહી છે. સાથે સાથે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પણ હવે આક્રમક મુડમાં આવી જઈ હર્ષ સંઘવીએ અગાઉ પીઆઈને લાફા ફટકાર્યા હોવાનુ કહી સંઘવીનુ રાજીનામુ માગી રહ્યા છે.

જિગ્નેશ મેવાણી-ગોપાલ ઈટાલીયા બાદ હવે ભાજપના પૂર્વ મંત્રીઓ અને ધારાસભ્યો પણ હર્ષ સંઘવીની કામગીરી થી નારાજ હોવાનુ બહાર આવ્યુ છે. પાર્ટી શિસ્તતાને વરેલી હોવાને કારણે ધારાસભ્ય કિશોર કાનાણી,




ધારાસભ્ય હાર્દિક પટેલ સિવાય એકેય ધારાસભ્યો સરકારના વિરૂધ્ધ બોલી શકતા નથી, ગૃહમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયે ૨૦૨૪ ની મંત્રીઓની ભલામણો ધુળ ખાઈ રહી છે. હર્ષ સંઘવી મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા હોવાની તત્કાલીન સહકાર મંત્રી અને હાલના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને મંત્રી ઋષીકેશ પટેલ સુધી રજુઆતો કરવામાં આવી હતી.

આમ અનેક ફરીયાદો હોવા છતાં હર્ષ સંઘવીને કયા કારણોસર પ્રમોશન અપાયુ તેને લઈ ધારાસભ્યોમાં પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. હર્ષ સંઘવીએ રાજય કક્ષાનુ ગૃહ ખાતુ પોતાની પાસે રાખી શું કરવા માંગે છે તેને લઈ મંત્રીઓ અને ધારાસભ્યોમાં કચવાટ ઉભો થવા પામ્યો છે.

શું હર્ષ સંઘવીને મંત્રીઓની કામગીરી પર ભરોસો નથી ? તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે.

### ચાલુ મહિનાના સપ્તાહમાં પીએ પીએસની મંત્રીઓના કાર્યાલયે થનારી નિમણુંક

# રાજય સરકાર આગામી દિવસોમાં કરશે મોટા ફેરફારો : આઈએએસ- આઈપીએસ અધિકારીઓની થનારી બદલીઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયમાં નવી સરકારની રચના અને મંત્રી મંડળના વિસ્તરણ બાદ વહિવટી તંત્રમાં મોટાપાયે ફેરબદલની તૈયારીઓ આખરે શરૂ થઈ ગઈ છે, સરકારી કાર્યક્રમોની વ્યસ્તતાને કારણે છેલ્લા દોઢ મહિનાથી અટકેલી નિમણુંક પ્રક્રિયા હવે ડીસેમ્બર મહિનાના પહેલા સપ્તાહમાં વેગ પકડશે, સચિવાલયના સુત્રોના જણાવ્યા અનુસાર ચાલુ મહિનાના પ્રથમ સપ્તાહ મહત્વપૂર્ણ રહેશે જેમાં નવા મંત્રીઓને કાયમી ધોરણે પીએ (પસર્નલ આસિસ્ટન્ટ ) અને પીએસ પ્રાઈવેટ સેક્રેટરી ફાળવવામાં આવશે.

આ ઉપરાંત આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની બદલીઓ અને પોસ્ટીંગ નો ગંજીપો પણ ચીપાય તેવી પ્રબળ શકયતા છે, સરકારની રચનાને દોઢ મહિનો વીતી ગયો હોવા છતાં નવા સમાવિષ્ટ થયેલા મંત્રીઓ હાલમાં કામ ચલાઉ સ્ટાફથી કામ ચલાવી રહ્યા છે. અત્યાર સુધી સેકશન ઓફીસર્સ (એસઓ) અને ડેપ્યુટી સેકશન ઓફીસર્સ (ડીવાયએસઓ) મંત્રીઓની ઓફીસની કામગીરી સંભાળી રહ્યા છે. જો કે હવે સરકારી કાર્યક્રમો પૂર્ણ થતા અને વહિવટી સ્થિરતા આવતા સરકાર આ મુદ્દે નિર્ણય લેવા જઈ રહી છે. આગામી એક અઠવાડીયામાં જ આ તમામ મંત્રીઓને રેગ્યુલર અને કાયમી પીએ તેમજ પીએસની ફાળવણી કરી દેવામાં આવશે. જેથી વહિવટી કામગીરી સુચારૂ રીતે ચાલી



શકે, અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ રાજય કક્ષાના એક મંત્રીના પીએસ દ્વારા મુલાકાતીઓને મંત્રીની છબી ખરડાય તેવા જવાબો આપ્યા હોવાને લઈ ચર્ચાયુ હતુ તેને લઈને પણ હવે સરકાર પીએ પીએસની નિમણુંક માટે વિલંબ કરવાનુ વિચારતી નથી.

સામાન્ય વહિવટ વિભાગ (જીએડી) દ્વારા મંત્રીઓના સ્ટાફ માટે ચોકકસ માપ દંડો નકકી કરવામાં આવ્યા છે. પીએ (પસર્નલ આસિસ્ટન્ટ) મંત્રીઓના પીએ તરીકેની કામગીરી માટે એસઓ, ડીવાયએસઓ અથવા ડે.કલેકટર કક્ષાના અધિકારીઓની નિમણુંક કરવામાં આવશે. જયારે મંત્રીઓના પીએસ તરીકેની મહત્વની જવાબદારી માટે ડે.સેક્રેટરી, એડીશનલ કલેકટર અથવા જોઈન્ટ સેક્રેટરી (એએનઈ) કક્ષાના સીનીયર અધિકારીઓને મુકવામાં આવશે. ડીસેમ્બર મહિનાનુ પ્રથમ પખવાડીયુ માત્ર મંત્રીઓના સ્ટાફ પુરતુ સીમીત નહી રહે પરંતુ રાજયની અમલદારશાહીમાં પણ મોટી ઉથલ પાથલ જોવા મળશે. રાજયમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ આવી રહી છે આ ચુંટણીઓને ધ્યાનમાં રાખીને વહિવટી તંત્રને ચુસ્ત કરવા માટે આઈએએસ (ઈન્ડીયન એડમીનીસ્ટ્રેટીવ સર્વિસ ) અને આઈપીએસ ઈન્ડીયન પોલીસ સર્વિસ અધિકારીઓની બદલીઓ તોળાઈ રહી છે, છેલ્લા ઘણા સમયથી રાજયમાં અનેક આઈપીએસ અધિકારીઓ પોસ્ટીંગની રાહ જોઈ રહ્યા છે. પોલીસ બેડામાં ચર્ચા છે કે આગામી સપ્તાહમાં અથવા પખવાડીયામાં આ અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવશે. સરકાર હવે વહિવટી તંત્ર પર પકકડ મજબુત કરવા અને ચુંટણીલક્ષી તૈયારીઓના ભાગરૂપે આ નિર્ણયો લેવા જઈ રહી છે. આમ ડીસેમ્બરની શરૂઆત સચિવાલય અને પોલીસ ભવન માટે અત્યંત વ્યસ્ત રહેવાની છે.

# મહામુલી જમીનો બચાવવા ધરતીપુત્રો હુડા મામલે વિરોધ વધુ ઉગ્ર બન્યો : ૧૧ ગામના ખેડુતોએ નેતાઓને પ્રવેશ ઉપર આપ્યો પ્રતિબંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર આજુબાજુના ૧૧ ગામોમાં હુડાના નોટીફીકેશનને લઈ ધરતીપુત્રો પોતાની મહામુલી જમીન બચાવવા માટે વિરોધ કરી રહ્યા છે, આવનાર સમયમાં તાત્કાલીક ધોરણે હુડા રદ કરવા હાંકલ કરાઈ છે, જો કે એવુ ન થાય તો આવનારા સમયમાં રાજકીય રીતે પણ વ્યાપક પ્રત્યાઘાત સર્જાઈ શકે છે, હિંમતનગર આજુબાજુના ૧૧ ગામોની હુડા મામલે થયેલ નોટીફીકેશન બાદ વિરોધનો વંટોળ સર્જાયો છે. રાજકીય રીતે વિવિધ બેઠકો થયા બાદ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ત્યારે સ્થાનિક આગેવાનો સહિત હુડા રદ કરવા માટે થયેલી સમિતિએ ૧૧ ગામોનો પ્રવાસ કરી એકતા તેમજ હુડા રદ કરવા મામલે સ્થાનિક લોકોને સમજાવટ માટે પદયાત્રા કરી હતી.

કોઈપણ સંજોગોમાં હુડા રદ કરવામાં આવે જેને લઈ આજે રવિવારે ૩૦ નવેમ્બરે હિંમતનગર ખાતે ખેડુતોની પદયાત્રા યોજાઈ હતી. જેના પગલે મોટી સંખ્યામાં સ્થાનિકો એકઠા થઈ કોઈપણ સંજોગોમાં હુડા દુર કરવામાં એક અવાજે તમામ લોકો જોડાયા હતા જો કે મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોએ પોતાનો રોષ જાહેરમંચ સહિત નિવેદનોમાં પણ દર્શાવ્યો હતો. જો કે આવનારા સમયમાં હુડા રદ ન થાય તો કોઈપણ કક્ષા સુધી સ્થાનિકો વિરોધ કરી શકે છે. સાથો સાથ આવનારા સમયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે ત્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પણ ભાજપમાં ભંગાણ પડી શકે તો નવાઈ નહી. ૧૧ ગામના ખેડુતોએ કોઈપણ નેતાને પ્રવેશબંધી ફરમાવી છે જો કે તેમ છતાં પણ કોઈપણ રાજકીય નેતા હિંમતનગર તાલુકાના ગામોમાં પ્રવેશ કરશે તો જાહેરમાં તેના કપડા ઉતારી લેવા સુધીની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જો કે આવનારા સમયમાં હુડા મામલે કેવા સમીકરણ સર્જાય છે એ તો આવનારો સમય જ બતાવશે પરંતુ હાલમાં ૧૧ જેટલા ગામોમાં હુડા મામલે ભારોભાર રોષ સર્જાયો છે. જે રાજકીય રીતે પણ કેટલાય નેતાઓ સામે પ્રશ્નાર્થ ઉભો કરે તો નવાઈ નહી.



# ૮૦૦ કરોડનું નકલી ઈન્વોઈસ કૌભાડ પકડાયું : ચારની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

તાજેતરમાં જ અમદાવાદ ઝોનલ યુનિટના **GST** ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ જનરલે, અમદાવાદ ઉપરાંત મુંબઈ, રાજકોટ, ભાવનગર અને ચંદ્રપુરમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા.

દરોડા દરમિયાન તપાસ અધિકારીઓએ અનેક શેલ કંપનીઓની વિગતો, **GST** નોંધણી સાથે જોડાયેલા અનેક મોબાઈલ ફોન તેમજ સિમ કાર્ડ, ડિજિટલ રેકોર્ડ, બેંક ખાતાની વિગતો અને રોકડ વ્યવહારને લગતી નોટ સહિત અનેક ગુનાહિત સામગ્રી જપ્ત કરી હતી.

આ સમગ્રીની વૈજ્ઞાનિક ધોરણે કરેલ તપાસના અંતેએવી વિગતો સામે આવી હતી કે, ગુનેગારોની સિન્ડિકેટ દ્વારા નકલી ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઘણી કંપનીઓ રજીસ્ટર કરવામાં આવી હતી, ડમી ડિરેક્ટરોની નિમણૂક કરવામાં આવી હતી અને વાસ્તવિક વ્યાપારી પ્રવૃત્તિ તરીકે પોતાને ઢોંગ કરવા માટે સંપૂર્ણપણે વર્ચ્યુઅલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી હતી.

રૂપિયા ૫૫૦ કરોડના નકલી ઈન્વોઈસ સાથે સંકળાયેલા **GST** છેતરપિંડીના કેસમાં, બે મુખ્ય વ્યક્તિઓ, બદ્રે આલમ પઠાણ અને તૌફિક ખાનની **DGGI** દ્વારા ૨૭ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ અમદાવાદથી ધરપકડ કરવામાં આવી હતી.

# ગુજરાતમાં કમોસમી વરસાદ કરશે ખેદાન મેદાનઃ અંબાલાલ પટેલે કરી આગાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે સોમવારથી રાજયમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થવા જઈ રહ્યો છે. છેલ્લા ૩ દિવસથી તાપમાનમાં વધારો થતા ઠંડીથી આંશિક રાહત મળી હતી, હાલમાં ગરમ પવનો ફુંકાતા ઠંડીમાં ઘટાડો થયો છે. પરંતુ અંબાલાલ પટેલની આગાહી મુજબ આજે સોમવારથી ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થશે, ૩ દિવસ પછી તાપમાનમાં ૨ થી ૩ ડીગ્રીનો ઘટાડો થઈ શકે છે. જેનો અર્થ એ છે કે ડીસેમ્બર ના પહેલા અઠવાડીયાથી ઠંડી શરૂ થશે અને ડીસેમ્બર ના છેલ્લા અઠવાડીયા સુધીમાં હાડ થીજાવતી ઠંડી પડી શકે છે. ગુજરાતમાં ફરીથી માવઠાનો ભય મંડરાઈ રહયો છે, સાબરકાંઠા અને બનાસકાંઠામાં વરસાદથી ખેડુતો ચિંતિત છે અને આ દરમિયાન આગાહી કરનાર રમણીક વામજાએ પણ એક જ મહિનામાં બે માવઠાની શકયતા વ્યકત કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં હવામાનમાં ફેરફાર થશે, તારીખ ૭ થી ૧૦ ડીસેમ્બર દરમિયાન હવામાનમાં ફેરફાર થવાની શકયતા છે. હળવો વરસાદ પડી શકે છે આ સાથે તારીખ ૨૩ થી ૨૭ ડીસેમ્બર દરમિયાન વરસાદ પણ આવી શકે છે, ફરી એકવાર કમોસમી વરસાદને આગાહી કરવામાં આવી છે. અંબાલાલ પટેલે આ આગાહી કરી



છે. તારીખ ૬ થી ૮ ડીસેમ્બર ની આસપાસ હવામાનમાં ફેરફાર થઈ શકે છે, ઉપરાંત તારીખ ૮ થી ૧૮ ડીસેમ્બર દરમિયાન રાજયમાં શીતલહેર ની શકયતા છે. તારીખ ૨૭ અને ૨૮ ડીસેમ્બર રાજયમાં કડકડતી ઠંડીનો અનુભવ થશે. ત્યારબાદ જાન્યુઆરીની શરૂઆતમાં પશ્ચિમી વિક્ષેપની આગાહી છે જેના કારણે ૬ જાન્યુઆરી સુધીમાં ફરીથી વાદળછાયુ વાતાવરણ રહેશે. ગુજરાતના વિવિધ ભાગોમાં ફેબ્રુઆરી અને માર્ચમાં પણ ઠંડીની મોજુ ફરી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવ, દમણ, અને દાદરાનગર હવેલી સહિત ગુજરાતમાં હવામાન શુષ્ક રહ્યુ હતુ, ઉત્તર પૂર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે. બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં એક સિસ્ટમ આવી ગઈ છે. પશ્ચિમી વિક્ષેપની અસર થતા જીવલેણ ઠંડી વેગ પકડી રહી છે. તેથી જાન્યુઆરીમાં પણ હાડકુ ઠંડક આપવાની શકયતા છે. તારીખ ૧૧ અને ૧૨ જાન્યુઆરી પછી પણ ઠંડીનો માહોલ રહેશે. તારીખ ૨૬ નવેમ્બર પછી લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રી અને પછી ૧૭ ડીગ્રીની આસપાસ રહેવાની શકયતા છે. જયારે મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી રહેવાની શકયતા છે. અંબાલાલ ની આગાહી મુજબ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં અને દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ પડી શકે છે. જયારે નવેમ્બર ના છેલ્લા અઠવાડીયામાં અખાતમાં ચક્રવાત બનવાની પણ શકયતા છે. જો કે ગુજરાત પર તેની સીધી અસર ઓછી થવાની શકયતા છે. સૌરાષ્ટ્ર-દક્ષિણ, ઉત્તર, મધ્ય ગુજરાતમાં કમોસમી વરસાદ પડી શકે છે. આ સાથે રાજયમાં ઠંડીમાં પણ વધઘટ જોવા મળી શકે છે. ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં પણ પશ્ચિમી વિક્ષેપોની અસર જોવા મળી શકે છે. જેના કારણે હવામાન વારંવાર બદલાઈ શકે છે.

# રાજયમાં ખાતરનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ : આગામી અઠવાડીયામાં ૨૨ હજાર મેટ્રીક ટન યુરીયા વિવિધ જિલ્લાઓમાં સપ્લાય કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં રવી ઋતુમાં રાજયના દરેક ખેડુતને સમયસર અને પુરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ થઈ શકે છે તે માટે રાજય સરકાર દ્વારા ખાતર વિતરણનુ સુદ્રઢ આયોજન કરવામાં આવ્યુ છે. હાલ રાજયમાં ખાતરનો પુરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે જેથી ખેડુતોએ સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. ભારત સરકારે રવી ઋતુ માટે રાજય સરકારને જરૂરીયાત મુજબનો પુરતો ખાતરનો જથ્થો ફાળવ્યો હોવાથી ખેડુતોને જરૂરીયાત મુજબ જ ખાતર ખરીદવા તથા વણજોઈતી ખરીદી ન કરવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.




રાજયમાં હાલ દરેક જિલ્લાની જરૂરીયાતને ધ્યાને રાખીને સપ્લાય પ્લાન મુજબ ખાતરનો જથ્થો વિવિધ જિલ્લામાં વિતરણ કરવામાં આવી રહયો છે. ચાલુ રવી ઋતુમાં એટલે કે ઓકટોબર ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ ના સમયગાળા માટે ભારત સરકારે ગુજરાત માટે યુરીયા ખાતર કુલ ૧૩.૯૦ લાખ મેટ્રીક ટન અને ડીએપી ખાતરના ૨.૯૦ લાખ મેટ્રીક ટન જથ્થાની ફાળવણી મંજુર કરી છે. જેમાંથી અત્યાર સુધીમાં ૫.૪૮ લાખ મેટ્રીક ટન થી વધુ યુરીયા અને ૨.૧૮ લાખ મેટ્રીક ટન થી વધુ ડીએપી ખાતર રાજયમાં ઉપલબ્ધ થયુ છે, ગુજરાતમાં ચાલુ રવી સીઝન દરમિયાન અત્યાર સુધીમાં ખેડુતો દ્વારા કુલ ૩.૪૪ લાખ મેટ્રીક ટન થી વધુ યુરીયા ખાતર અને ૧.૬૮ લાખ મેટ્રીક ટન થી વધુ ડીએપી ખાતરનો વપરાશ કરવામાં આવ્યો છે. હાલમાં રાજયના વિવિધ જિલ્લાઓમાં મળીને કુલ ૨.૦૮ લાખ મેટ્રીક ટન થી વધુ યુરીયા ખાતરનો અને ૪૯ હજાર મેટ્રીક ટન થી વધુ ડીએપી ખાતરનો જથ્થો ખેડુતો માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત છેલ્લા ૩ દિવસમાં રાજયમાં આશરે ૧૨૫૦૦ મેટ્રીક ટન યુરીયા ખાતર રેલ્વે રેક ના માધ્યમથી વિવિધ જિલ્લાઓમાં સપ્લાય કરવામાં આવ્યુ છે જે પૈકી હાલમાં જુદા જુદા ૭ રેક પોઈન્ટથી યુરીયા ખાતરનો સપ્લાય ચાલુ છે. આગામી અઠવાડીયામાં પણ અંદાજે ૨૨ હજાર મેટ્રીક ટન યુરીયા ખાતરનો સપ્લાય કરવા માટે સુચનાઓ આપવામાં આવી છે જેથી રાજયના દરેક ખેડુતને પુરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ થઈ શકે, આમ રાજયમાં પુરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે અને જરૂરીયાત મુજબ તેની જિલ્લાવાર સપ્લાય ચાલી રહી છે. ખેડુતોને અફવાઓથી દુર રહેવા તેમજ જરૂરીયાત પુરતુ જ ખાતર ખરીદવા ખેતી નિયામક કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગુજરાત સહિત ૧૨ રાજયોમાં મતદાર યાદીનો સમય એક અઠવાડીયુ વધારાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ચુંટણીપંચે ૧૨ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હાલમાં ચાલી રહેલી સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવીઝન (એસઆઈઆર) પ્રક્રિયાની સમય મર્યાદા એક અઠવાડીયા સુધી લંબાવી છે. મતદાર યાદી સુધારણાના તમામ તબકકા હવે નવી તારીખો અનુસાર પુર્ણ થશે. આ ૧૨ રાજયોમાં એસઆઈઆર હવે ૧૧ ડીસેમ્બર સુધી અપડેટ કરી શકાશે. ડ્રફટ યાદી હવે ૧૬ ડીસેમ્બરે બહાર પાડવામાં આવશે. આ વિસ્તરણ એવા રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશો માટે છે જયાં એસઆઈઆર પહેલાથી જ ચાલી રહ્યુ હતુ આમાં અંદામાન અને નિકોબાર ટાપુઓ ,




છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, લક્ષદ્રીપ, મધ્યપ્રદેશ, પાંડુચેરી, રાજસ્થાન, તામીલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. કમિશનના મતે વધુ સચોટ અદ્યતન અને સુવ્યવસ્થિત મતદાર યાદીઓ સુનિશ્ચિત કરવા માટે આ વિસ્તરણ જરૂરી હતુ, અગાઉ એસઆઈઆર પ્રક્રિયા પુર્ણ કરવાની અંતિમ તારીખ ૪ ડીસેમ્બર હતી એટલે કે ફકત ૪ દિવસ બાકી હતા. હવે ૭ દિવસના વિસ્તરણ સાથે અંતિમ તારીખ ૧૧ ડીસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. આ પ્રક્રિયા ઈઆરઓ દ્વારા દાવાઓ અને વાંધાઓના નિકાલની સમાંતર ચાલશે. સમયગાળો ૧૬ ડીસેમ્બર ૨૦૨૫ મંગળવારથી ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ શનિવાર સુધી બીજો તબકકો રહેશે.

# પત્ની સાથે ઝઘડો થયા બાદ પતિએ જાહેરમાં કર્યું ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પોશ વિસ્તારમાં ફરી એક વખત જાહેરમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. વિજય ચાર રસ્તા નજીક આવેલી સુભાષ સોસાયટીમાં એક શખસે તેની પત્ની સાથે ઝઘડો થયા બાદ જાહેરમાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનાને પગલે સોસાયટીના રહીશોમાં ચકચાર મચી ગઈ હતી. સમગ્ર ઘટનાને લઈને જાણ કરાતાં પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, અમદાવાદના વિજય ચાર રસ્તા પાસે ફાયરિંગનો બનાવ બન્યો છે. સુભાષ સોસાયટીના બંગલા નંબર ૧૬માં ફાયરિંગનો બનાવ બન્યો છે. જ્યાં ઘરમાં પતિ પત્નીનો ઝઘડો થતાં રાહુલ સોની નામના યુવકે ઘરની બહાર આવીને બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. મહત્ત્વનું છે કે, આ ફાયરિંગની ઘટનામાં કોઈને ઈજા પહોંચી નથી. આ બનાવવાની જાણ થતાં ગુજરાત યુનિવર્સિટી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ફાયરિંગ કરનાર વ્યક્તિની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.